" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "
રસધાર
# સંજોગ ન્યૂઝ
SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 09 | Issue - 78 | AD - 2025, Paush Sud - 01 | Sunday, Dt.21-12-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

**પસંદગી સમિતિએ ૧૫ સભ્યોની ટીમ જાહેર કરી, ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં રમશે**

## ટી-૨૦ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમ જાહેર : શુભમન ગીલ બહાર, ઈશાન કિશન ઈન

મુંબઈ,તા.૨૦

ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં આગામી વર્ષના ટી ૨૦ વર્લ્ડ કપમાં પોતાનું ટાઈટલ બચાવવાનો પ્રયાસ કરશે. અજિત અગરકરના નેતૃત્વ હેઠળની સિનિયર રાષ્ટ્રીય પુરુષ પસંદગી સમિતિએ શનિવારે વૈશ્વિક ટુર્નામેન્ટ માટે ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરી હતી. ભારતીય ક્રિકેટ બોર્ડના મુખ્યાલયમાં પસંદગી સમિતિની બેઠકમાં ટીમની પસંદગી કરવામાં આવી હતી. આ જ ટીમ જાન્યુઆરીમાં ન્યુઝીલેન્ડ સામે ટી ૨૦ શ્રેણીમાં રમશે.

ભારતે ૨૦૨૪ માં રોહિત શર્માની કેપ્ટનશીપમાં દક્ષિણ આફ્રિકાને હરાવીને ટ્રોફી જીતી હતી. ભારત ટાઈટલ બચાવવાના ઈરાદા સાથે આ ટુર્નામેન્ટમાં પ્રવેશ કરશે. આ ટુર્નામેન્ટની ૧૦મી આવૃત્તિ હશે. આ ટુર્નામેન્ટમાં ક્યારેય કોઈ ટીમે પોતાનું ટાઈટલ બચાવવાનો ઈરાદો રાખ્યો નથી, તેથી ટીમ ઈન્ડિયા પાસે ઘરઆંગણે આ રેકોર્ડ તોડવાની સુવર્ણ તક હશે.

ટી ૨૦ વર્લ્ડ કપ માટે ભારત દ્વારા પસંદ કરાયેલી ટીમમાં શુભમન ગિલનું નામ સામેલ નથી. ગિલ અત્યાર સુધી ઉપ-કેપ્ટન હતો, પરંતુ હવે ફરી એકવાર આ જવાબદારી અક્ષર પટેલને સોંપવામાં આવી છે. ગિલ ટી ૨૦ માં સારા ફોર્મમાં નહોતો. દરમિયાન, વિકેટકીપર-બેટ્સમેન ઈશાન કિશન અને રિંકુ સિંહ ટીમમાં



પાછા ફર્યા છે. ઈશાન છેલ્લે ૨૮ નવેમ્બર, ૨૦૨૩ ના રોજ ઓસ્ટ્રેલિયા સામે ભારત માટે રમ્યો હતો. આ તેની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ પણ હતી. ત્યારબાદ ઈશાનને દક્ષિણ આફ્રિકા પ્રવાસ માટે પસંદ કરવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં એક પણ મેચ રમ્યો ન હતો. ઈશાન પ્રવાસની વચ્ચે પાછો ફર્યો હતો. સ્થાનિક ક્રિકેટ કરતાં આઈપીએલને પ્રાધાન્ય આપવાના વિવાદને કારણે તેને ટીમમાંથી બહાર કરવામાં આવ્યો હતો, પરંતુ હવે તે બે વર્ષ પછી ટીમમાં પાછો ફર્યો છે. બીજી તરફ, રિંકુ એશિયા કપનો ભાગ હતો પરંતુ ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા સામેની ટી ૨૦ શ્રેણી માટે તેની પસંદગી કરવામાં આવી ન હતી.

અક્ષર પટેલ શુભમન ગિલની જગ્યાએ ટી ૨૦ ટીમના ઉપ-કેપ્ટન તરીકે નિયુક્ત થયો છે. અક્ષર અગાઉ ટી ૨૦ માં ઉપ-કેપ્ટન તરીકે સેવા આપી ચૂંટાયો છે. રસપ્રદ વાત એ છે કે, ઈશાન કિશન પણ ટીમમાં પાછો ફર્યો છે. ઈશાન કિશને તાજેતરમાં સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ફાઈનલમાં ૧૦૧ રન બનાવ્યા હતા. તે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન શાનદાર ફોર્મમાં હતો. જોકે, ઈશાનના સમાવેશથી જીતેશ શર્માને ટીમમાંથી બહાર રહેવાની ફરજ પડી છે.

ટી ૨૦ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમઃ સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), અભિષેક શર્મા, સંજુ સેમસન (વિકેટકીપર), તિલક વર્મા, હાર્દિક પંડ્યા, શિવમ દુબે, અક્ષર પટેલ (ઉપ-કેપ્ટન), રિંકુ સિંહ, જસપ્રીત બુમરાહ, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ, કુલદીપ યાદવ, વરુણ ચક્રવર્તી, વોશિંગ્ટન સુંદર, ઈશાન કિશન

આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ૭ ફેબ્રુઆરીથી શરૂ થશે, આ મેગા ઈવેન્ટ ભારત અને શ્રીલંકા દ્વારા સંયુક્ત રીતે યોજાઈ રહી છે. ભારતીય ટીમ ૭ ફેબ્રુઆરીએ યુએસએ સામે ટુર્નામેન્ટની પહેલી મેચ રમશે.

**અકસ્માત સ્થળ ગુવાહાટીથી લગભગ ૧૨૬ કિલોમીટર દૂર**

## આસામના હોજાઈ જિલ્લામાં ટ્રેનની અડફેટે સાત હાથી કપાયા

હોજાઈ,તા.૨૦

આસામના હોજાઈ જિલ્લામાં શનિવારે સવારે હાથીઓનું એક ટોળું સૈરંગ-નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસની અડફેટે આવી ગયું. આ અકસ્માતમાં સાત હાથીનાં મોત થયાં અને એક બચ્ચું ઘાયલ થયું. અધિકારીઓએ જણાવ્યું કે અકસ્માતમાં ટ્રેનનું એન્જિન અને પાંચ કોચ પણ પાટા પરથી ઊતરી ગયા હતા.



આ અકસ્માત મોડી રાતે ૨:૧૭ વાગ્યે ચાંગજુરાઈ ગામ પાસે થયો હતો. શરૂઆતમાં આઠ હાથીનાં મોત થયા હોવાના અહેવાલ હતા, પરંતુ બાદમાં પુષ્ટિ થઈ કે એક હાથીનું બચ્ચું જીવિત છે અને ગંભીર રીતે ઘાયલ છે. અકસ્માતમાં કોઈ મુસાફરને ઈજા થઈ હોવાના સમાચાર નથી. નગાંવના ડિવિઝનલ ફોરેસ્ટ ઓફિસર સુહાસ કદમે જણાવ્યું હતું કે વિસ્તારમાં ગાઢ ધુમ્મસ હોવાને કારણે આ અકસ્માત થયો હોવાની આશંકા છે. મૃત હાથીઓનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું, જ્યારે સ્થાનિક પશુચિકિત્સકો ઘાયલ હાથીની સારવાર કરી રહ્યા છે. ટ્રેન અકસ્માત પૂર્વોત્તર સીમાંત રેલવેના લુમડિંગ ડિવિઝનમાં થયો હતો. અકસ્માત સ્થળ ગુવાહાટીથી લગભગ ૧૨૬ કિલોમીટર દૂર છે. રેસ્ક્યુ ટ્રેન અધિકારીઓ સાથે ઘટનાસ્થળ તરફ રવાના થઈ હતી. સૂત્રો અનુસાર, પાટા પરથી ઊતરી જવા અને પાટા પર હાથીઓના મૃતદેહ મળવાને કારણે ઉપલા આસામ અને પૂર્વોત્તરના અન્ય ભાગો માટે રેલ સેવાઓ હાલ પૂરતી બંધ છે. વન વિભાગનાં સૂત્રોએ જણાવ્યું હતું કે ટ્રેન અકસ્માતમાં ૮ હાથીનાં મોત થયાં છે. હાથીનું એક નાનું બચ્ચું આ અકસ્માતમાં ઘાયલ થયું છે, જેની સારવાર ચાલી રહી છે.

**ટ્રેનના પાંચ ડબ્બા પાટા પરથી ખડી પડ્યા, કોઈ મુસાફરને ઈજા નહી**










## ખરાબ હવામાનને કારણે પીએમ મોદી બંગાળના નાદિયા પહોંચી ન શકતા જનતાની માફી માંગી

નવીદિલ્હી,તા.૨૦

ખરાબ હવામાનને કારણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નાદિયા પહોંચવામાં વિલંબ થયો હતો. ભારે ધુમ્મસને કારણે હેલિકોપ્ટર ઉતરી શક્યું નહીં. પીએમ મોદીએ એરપોર્ટ પરથી વર્ચ્યુઅલી મિટિંગમાં ભાગ લીધો. બે પ્રયાસો છતાં, ભારે ધુમ્મસને કારણે હેલિકોપ્ટર ઉતરી શક્યું નહીં. પીએમ મોદીએ કહ્યું, ખરાબ હવામાનને કારણે હું બંગાળના નાદિયામાં કાર્યક્રમ સ્થળ પર પહોંચી શક્યો નહીં તે બદલ હું માફી માંગુ છું. પીએમ મોદીએ ફોન પર તાહિરપુર રેલીને સંબોધતા આ વાત કહી. વર્ચ્યુઅલ રેલીને સંબોધતા પીએમ મોદીએ કહ્યું, અમારા પ્રયાસો એ સુનિશ્ચિત કરવાના છે કે બંગાળના દૂરના વિસ્તારો, જે પછાતપણાનો સામનો કરી રહ્યા છે, તેમને આધુનિક કનેક્ટિવિટી મળે. ટીએમસી ગમે તેટલો મારો અને ભાજપનો વિરોધ કરી શકે છે, પરંતુ બંગાળની પ્રગતિને રોકવી જોઈએ નહીં. પીએમ મોદીએ કહ્યું કે બિહાર ચૂંટણી પરિણામોએ બંગાળમાં ભાજપની જીતનો માર્ગ ખોલી દીધો છે.



ઉર્જા મંત્રી કૌશિક વેકરીયા, સાંસદ ભરત સુતરીયા, જનક તળાવીયાની હાજરીમાં

# અમરેલી ખાતે રેડિયન્ટ સોલાર સોલ્યુશન્સની નવી ઓફિસનો શુભારંભ



અમરેલી,તા.૨૦

અમરેલી શહેરમાં રેડિયન્ટ સોલાર સોલ્યુશન્સની નવી ઓફિસનું ભવ્ય ઉદ્‌ઘાટન રાજયના ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી તેમજ અન્ય મહાનુભાવોના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં આમંત્રિતો, ગ્રાહકો અને સોલાર ક્ષેત્ર સાથે જોડાયેલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ‘‘હર ઘર સોલાર’’ના સંકલ્પ તથા સૂર્ય ઘર યોજનાને સાકાર કરવા માટે રેડિયન્ટ સોલાર સોલ્યુશન્સ દ્વારા અમરેલી જિલ્લા તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારો સુધી સોલાર ઈન્સ્ટોલેશનની સુવિધા પહોંચાડવાનો સંકલ્પ લેવાયો છે. કંપની દ્વારા ગ્રાહકોને સરળ અને પારદર્શક ડોક્યુમેન્ટ પ્રક્રિયા, સરકારી સબસિડીનો સંપૂર્ણ લાભ, ૧૦૦ ટકા લોન સુવિધા સાથે સોલાર ઈન્સ્ટોલેશન અને વધુમાં વધુ વીજ બચત થાય તે માટે માર્ગદર્શન આપવામાં આવશે. આ તકે મેહુલ ધોરાજીયા, પી.પી. સોજીત્રા, ડો. જી.જે. ગજેરા, વિજય ચોટલીયા, લાલજીભાઈ રામાણી, બીરજુભાઈ અટારા, નિલેષભાઈ ધાધલ, ડો.ભરતભાઈ પાડા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# વડીયા-મોરવાડા રોડ પર શ્વાન આડુ ઉતરતા બાઈકચાલક રોડ પર પટકાયા

વડીયા,તા.૨૦

વડીયાના રહેવાસી ખેડૂત બાઈક પર પોતાના કામ અર્થે વડીયા-મોરવાડા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન અચાનક એક શ્વાન બાઈક આડે આવી જતાં ચાલકે સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. પરિણામે, બાઈક રોડ પર પટકાયું હતું. અકસ્માત થતાની સાથે જ આસપાસના વાડી વિસ્તારમાં કામ કરતા સ્થાનિક ખેડૂતો અને રસ્તેથી



પસાર થતા રાહદારીઓ તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા. લોકોએ ૧૦૮ને જાણ કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલી ૧૦૮ની ટીમે ઈજાગ્રસ્ત ખેડૂતને પ્રાથમિક સારવાર આપી હતી. તેમને વધુ સારવાર અર્થે જેતપુર હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા છે.

# ધારી તાલુકાની વિવિધ રેસ્ટોરન્ટમાં ફૂડ વિભાગે ચકાસણી હાથ ધરી



અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લાના ફૂડ વિભાગ દ્વારા ધારી તાલુકામાં ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વિવિધ રેસ્ટોરન્ટ, હોટલ અને ફાર્મ હાઉસોમાં વ્યાપક ચકાસણી હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી ફૂડ ઈન્સ્પેક્ટર કલસરિયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ખોરાકમાં ઉપયોગમાં લેવાતા કાચા માલની ગુણવત્તા, સ્વચ્છતા, સંગ્રહ પદ્ધતિ તેમજ અન્ય જરૂરી નિયમોનું પાલન થાય છે કે નહીં તેની વિગતવાર તપાસ કરવામાં આવી હતી. ધારીની વિવિધ હોટલોમાંથી ખાદ્ય પદાર્થોના નમૂનાઓ લેવામાં આવ્યા હતા. ફૂડ વિભાગ દ્વારા લેવામાં આવેલા આ નમૂનાઓને ચકાસણી માટે માન્ય લેબોરેટરીમાં મોકલવામાં આવશે. ફૂડ ઈન્સ્પેક્ટર કલસરિયાએ જણાવ્યું હતું કે લેબોરેટરીના રિપોર્ટ આવ્યા બાદ ફૂડ સેફ્ટી એક્ટ મુજબ જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

# બગસરા તાલુકાના સાપર ગામનો રસ્તો બિસ્માર, ગ્રામજનોનું રસ્તા રોકો આંદોલન

**અનેક રજૂઆત છતાં રસ્તો ન બનતા ગ્રામજનોમાં રોષ**



અમરેલી,તા.૨૦

બગસરા તાલુકાના સાપર ગામના લોકોએ બિસ્માર રસ્તાઓના સમારકામની માંગ સાથે રસ્તા રોકો આંદોલન કર્યુ હતું. સાપરથી બગસરા, સુડાવડ અને ઝાંઝરીયા જતા મુખ્ય માર્ગોની અત્યંત ખરાબ હાલતથી રોષે ભરાયેલા ગ્રામજનોએ એકઠા થઈને તંત્ર વિરુધ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. ગ્રામજનોના જણાવ્યા મુજબ, માર્ગોની હાલત દયનીય છે અને અનેક રજૂઆતો છતાં કામ થયું નથી. બગસરા તરફના રસ્તાનું શરૂ થયેલું કામ પણ છેલ્લા બે મહિનાથી બંધ છે. ઘટનાની જાણ થતાં સરપંચ ધનસુખભાઈ સ્થળ પર પહોંચ્યા અને લોકોને સમજાવીને રસ્તો ખુલ્લો કરાવ્યો હતો.

# અમરેલી ખાતે ડો.હેડગેવાર સેવા સમિતિ દ્વારા નૂતન કાર્યાલયનું ભૂમિપૂજન



અમરેલી,તા.૨૦

અમરેલી ખાતે ડો.હેડગેવાર સેવા સમિતિ દ્વારા નૂતન કાર્યાલયનું ભૂમિપૂજન કરવામાં આવ્યુ હતું. આ ઉપરાંત ત્રણ સેવા પ્રકલ્પનો પ્રારંભ જેમાં ઝીરો થી બાર વર્ષના બાળકો માટે સુવર્ણ પ્રાસન કેન્દ્ર શરૂ કરાશે, આર્થિક સામાજિક અને શૈક્ષણિક પછાત વિસ્તારમાં નાના બાળકો માટે શિક્ષણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા તથા સાવરકુંડલા બાયપાસ પાસેની સેવા વસ્તીમાં દર મહિને મેડિકલ કેમ્પનું આયોજન થશે.

અમરેલી લાઠી રોડ ખાતે ડો. હેડગેવાર સેવા સમિતિ દ્વારા નૂતન કાર્યાલયનો ભૂમિપૂજન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સમગ્ર સમાજ વતી સમાજ શ્રેષ્ઠિ પરેશભાઈ આચાર્ય, કનુભાઈ વાળા (કે. કે. વાળા), મામલતદાર માળીયા હાટીના, મુકેશભાઈ રાઠોડ, ગોવિંદભાઈ ટીમ્બડીયા દ્વારા ભૂમિપૂજન કરી કાર્યાલય નિર્માણ કામગીરીનો પ્રારંભ કરેલ. આ ઉપરાંત ડો.હેડગેવાર સેવા સમિતિ દ્વારા ત્રણ સેવા પ્રકલ્પનો પ્રારંભ કરવામાં આવેલ જેમાં ૦ થી ૧૨ વર્ષના બાળકો માટે સુવર્ણ પ્રાસન કેન્દ્ર શરૂ કરાશે જે લાઠી રોડ ઉપર સરસ્વતી વિદ્યાલય ખાતે તેમજ ચિતલ રોડ પર શ્રવણ પ્રસાદ, લાઈબ્રેરી રોડ ઉપર સંઘ કાર્યાલય ખાતે શરૂ કરાશે. આ ઉપરાંત આર્થિક સામાજિક અને શૈક્ષણિક પછાત વિસ્તારમાં નાના બાળકો માટે શિક્ષણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા તથા સાવરકુંડલા બાયપાસ પાસેની સેવા વસ્તીમાં દર મહિને મેડિકલ કેમ્પનું આયોજન કરવામા આવશે. આ કાર્યાલય સામાજિક સમરસતાનું કેન્દ્ર બનશે જેમાં સામાજિક પ્રવૃત્તિઓ માટે ઓડિટોરિયમની સુવિધા તેમજ કાર્યાલયમાં ૧૦ થી ૧૨ વિદ્યાર્થીઓ રહી અભ્યાસ પણ કરી શકશે. આ ભૂમિપૂજન પ્રસંગે મહેશભાઈ જીવાણીનું બૌદ્ધિક પ્રવચનનું પણ આયોજન કરવામાં આવેલ જેમાં સમગ્ર જિલ્લામાંથી સામાજિક આગેવાનો સંમ્મિલિત થયા હતા.

# લીલીયાના સસ્પેન્ડ થયેલા સરપંચનો ગામ જોગ સંદેશ

**જે મુદ્દાઓનો નિકાલ કરવાની જવાબદારી ડીડીઓ અને ટીડીઓની હોવા છતાં તેઓએ મુદ્દાઓ ધ્યાનમાં લીધા નહોતા**



અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સસ્પેન્ડ કરાયેલા લીલીયા મોટા ગ્રામ પંચાયતના સરપંચ જીવનભાઈ વોરાએ ગ્રામજનો સમક્ષ પોતાનો પક્ષ રજૂ કર્યો છે. પૂર્વ સરપંચ જીવનભાઈ વોરાએ જણાવ્યું હતું કે ડીડીઓ દ્વારા જે મુદ્દાઓને ધ્યાનમાં લઈ સસ્પેન્ડ કરવામાં આવ્યો છે તે મુદ્દાઓ ૧૦ વર્ષ પહેલાના હોઈ સરપંચ દ્વારા આ મુદ્દાનો ઉકેલ કરવામાં આવ્યો નહોતો. પૂર્વ સરપંચો દ્વારા આ મુદ્દાઓ માટે કોઈ કામગીરી કરવામાં આવી નહોતી. સરપંચ તરીકે હોદ્દો ગ્રહણ કર્યા પછી ગામના વિકાસ માટે રાત-દિવસ જોયા વગર કામો કર્યા છે. જે મુદ્દાઓનો નિકાલ કરવાની જવાબદારી ડીડીઓ અને ટીડીઓની હોવા છતાં તેઓ દ્વારા આ મુદ્દાઓ ધ્યાનમાં લેવામાં આવ્યા નથી. જીવનભાઈ વોરાએ વધુમાં જણાવ્યું હતું કે, છેલ્લાં નવ મહિનાથી દર મહિને રૂ.૯૨૦૦૦ની ઓક્ટ્રોયની ગ્રાન્ટ પણ મળી નથી છતાં ગામનો વહીવટ સરળતાથી ચલાવવામાં આવ્યો હતો.

## નેસડી-૨ ગ્રામ પંચાયત દ્વારા બસસ્ટેન્ડ તથા કોમ્યુનીટી હોલની બિલ્ડિંગની જાહેર હરરાજી

નેસડી-૨ ગામે બસસ્ટેન્ડ તથા કોમ્યુનીટી હોલની બિલ્ડિંગની જાહેર હરરાજી તારીખ : ૨૬/૧૨/૨૦૨૫ ના રોજ કરવામાં આવનાર છે. તો રસ ધરાવનાર એજન્સીઓને હરરાજીમાં ભાગ લેવા જણાવવામાં આવે છે.

**શરતો :-**

૧. હરરાજીમાં ભાગ લેનાર એજન્સીઓએ ડિપોઝીટ પેટે રૂા. ૧૦૦૦/- રોકડથી જમા કરાવવાના રહેશે.
૨. હરરાજીમાં ભાગ લેનાર એજન્સી પૈકી પસંદ થયેલ એજન્સીએ જે તે રકમ તે જ દિવસે ચેક રોકડ સ્વરૂપે ગ્રામ પંચાયતમાં જમા કરાવવાની રહેશે.
૩. પસંદ થયેલ એજન્સીએ કામ દિન ૪ માં જગ્યા સમથળ કરી સોંપવાની રહેશે.
૪. કામ સમયે કોઈપણ પ્રકારની જાનહાની કે નુકસાનની જવાબદારી જે તે એજન્સીની રહેશે.

**હરરાજી તારીખ : ૨૬/૧૨/૨૦૨૫ સમય : બપોરે ૧:૩૦ કલાકે**
**સ્થળ : નેસડી-૨ પ્રાથમિક શાળાના મેદાનમાં, નેસડી-૨, તા. ખાંભા, જી.અમરેલી**

**હરરાજીમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાનો અબાધિત અધિકાર નેસડી-૨ ગ્રામ પંચાયતનો રહેશે.**

| તલાટી કમ મંત્રી | સરપંચ |
|---|---|
| નેસડી-૨ ગ્રામ પંચાયત | નેસડી-૨ ગ્રામ પંચાયત |
| તા. ખાંભા, જી.અમરેલી | તા. ખાંભા, જી.અમરેલી |

# બગસરાના હડાળા નજીક વાહન અકસ્માતમાં નીલગાયનું મોત



તસવીર : હાર્દિક બામટા

બગસરા,તા.૨૦

બગસરાના રાજકોટ જવાના મુખ્ય માર્ગ ઉપર હડાળા ગામ નજીક એક નીલગાયનો મૃતદેહ મળી આવતાં વન વિભાગે તપાસ શરૂ કરી છે. પ્રાથમિક દ્રષ્ટિએ, નીલગાયનું મોત કોઈ અજાણ્યા વાહનની ટક્કરથી થયું હોવાનું માનવામાં આવે છે, કારણ કે આ માર્ગ ઉપર વાહનોની સતત અવરજવર રહે છે. જોકે, વન વિભાગે આ નીલગાયના મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા માટે વધુ તજવીજ હાથ ધરી છે.

# ગોપાલગ્રામ ખાતે દરબાર ગોપાળદાસ દેસાઈની જન્મ જયંતિની ઉજવણી



ધારી,તા.૨૦

ધારી તાલુકાનાં ગોપાલગ્રામ ખાતે ઐતિહાસિક દરબાર ગઢમાં ગોપાલગ્રામ દરબાર સ્મારક ટ્રસ્ટ દ્વારા પ્રજાવત્સલ ત્યાગી રાજવી, સત્યાગ્રહી સ્વાતંત્ર્યસેનાની દરબાર ગોપાળદાસ દેસાઈની ૧૩૮મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગામનાં વરિષ્ઠ આગેવાન અને ટ્રસ્ટનાં પૂર્વ પ્રમુખ શંભુભાઈ ખીમાભાઈ વાડદોરિયાના હસ્તે ભક્તિબા કન્યા શાળામાં દરબાર સાહેબનાં રજવાડી તૈલચિત્રનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખેડૂત અગ્રણી ચુનીભાઈ ગજેરા, દેવરાજભાઈ વાઘેલાએ દરબાર સાહેબની તસવીરને સુતરની આંટી પહેરાવી પુષ્પાંજલિ અર્પી હતી. કન્યા શાળાનાં આચાર્ય-શિક્ષકો પંડ્યા મેધાબેન, ડોબરિયા મોનિકકુમાર, ભટ્ટ દેવેનકુમાર, પઢીયાર રોજીનાબેન, ગોપાલગ્રામ કુમાર શાળાનાં દાફડા રજનીકાંતભાઈ, ત્રિવેદી ચિરંજયભાઈ, માધડ શ્રદ્ધાબેન, અજાણી દિવ્યાબેન ઉપસ્થિત રહ્યા હતા. વડીલ શંભુબાપાએ પૂ. દરબાર ગોપાળદાસ દેસાઈ, સેવામૂર્તિ પૂ. ભક્તિબા તેમજ ગામનાં ગૌરવપૂર્ણ ઈતિહાસની વાતો કરી સાથે તેમનાં રાજ વહીવટ, પ્રજા કલ્યાણ તેમજ સ્વતંત્રતા ચળવળમાં દરબાર સાહેબનાં અમૂલ્ય યોગદાનને યાદ કરી ભાવપૂર્ણ શબ્દાંજલિ અર્પણ કરી હતી. ટ્રસ્ટ દ્વારા બાળકોને ફળનું વિતરણ કરાયું હતું, તેમ મેનેજિંગ ટ્રસ્ટી વિપુલ ભટ્ટીએ જણાવ્યું છે.









# રાજ્યમંત્રી કૌશિક વેકરીયાની હાજરીમાં સશક્ત નારી મેળાનો પ્રારંભ

અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લામાં ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની અંતર્ગત 'સશક્ત નારી મેળા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળાનો પ્રારંભ ઉર્જા, કાયદો અને ન્યાય, સંસદીય અને વૈધાનિક બાબતોના રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા દ્વારા કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી' પહેલને વધુ વેગ આપવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં 'સશક્ત નારી મેળા'નું આયોજન કરી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, આ મેળાના માધ્યમથી સ્વસહાય જૂથોની મહિલાઓને ઘરબેઠા પોતાની બનાવટોના માર્કેટિંગ અને વેચાણ માટે સુવ્યવસ્થિત પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. રાજ્ય સરકાર મહિલાઓને આત્મનિર્ભર બનાવવા અને રોજગારીના અવસરો ઊભા કરવા સંપૂર્ણ રીતે કટીબદ્ધ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'વોકલ ફોર લોકલ'નો નારો આપીને દેશભરમાં સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપ્યું છે. તેની અસર રૂપે 'મન કી બાત' કાર્યક્રમમાં જાફરાબાદના બાબરકોટના ઉચ્ચ કોટીના બાજરાનો ઉલ્લેખ થયા બાદ તેનું વેચાણ નોંધપાત્ર રીતે



વધ્યું છે અને સતત માંગના કારણે તેની અછત પણ જોવા મળે છે. આ રીતે સ્વદેશી અને રોજગારના સુમેળથી આયોજિત 'સશક્ત નારી મેળો' મહિલાઓને તેમની બનાવટોના વેચાણ માટે મજબૂત અને વિશ્વસનીય પ્લેટફોર્મ પૂરું પાડશે તેમજ મહિલાઓના આર્થિક સશક્તિકરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ મેળો અમરેલી શહેરની નૂતન હાઈસ્કૂલના મેદાનમાં ૨૦-૨૨ ડિસેમ્બર સુધી યોજાશે. મેળાના પ્રારંભે અગ્રણી, અતુલભાઈ કાનાણીએ મહિલા સશક્તિકરણ, સ્વદેશી અભિયાન અને રોજગારીની વિપુલ તકો વિશે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું. મેળામાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે જિલ્લામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિવિધ ક્ષેત્રનાં મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ મેળામાં સ્વ-સહાય જૂથના મહિલાઓ તેમજ રાજ્ય સરકારના વિવિધ વિભાગોના ૧૦૦ જેટલા સ્ટોલ પ્રદર્શન અને વેચાણ અર્થે રાખવામાં આવ્યા છે. આ મેળાનો લાભ લેવા અમરેલીના નાગરિકોને રાજ્યમંત્રીએ અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયા, લાઠી-બાબરા મતવિસ્તારના ધારાસભ્ય જનકભઈ તળાવીયા, જિલ્લા પંચાયતના સભ્ય કંચનબેન ડેર, વિપુલભાઈ દુધાત, જિલ્લા વિકાસ અધિકારી, પરીમલ પંડયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક અર્પણ ચાવડા, ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપનીના અધિકારી છાયાબેન ટાંક, મેહુલભાઈ ધોરાજીયા, વિજયભાઈ ચોટલીયા, જીતુભાઈ ડેર, જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ, કર્મયોગીઓ, સ્વ-સહાય જૂથનાં મહિલાઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં હિટ એન્ડ રન જેવી ઘટના, બાઈક સવારે પાછળથી ઠોકર મારતા પ્રૌઢને ગંભીર ઈજા

અમરેલી, તા. ૨૦

અમરેલી શહેરમાં માર્ગ અકસ્માતની ઘટના સામે આવી હતી. પુરઝડપે આવતા એક અજાણ્યા મોટરસાયકલ ચાલકે આગળ જઈ રહેલા બાઈકને પાછળથી જોરદાર ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ભોગ બનનાર વ્યક્તિને જમણા પગે ફેક્ચર સહિત શરીરે અન્ય નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. અશરફઅલી અકબરઅલી સૈયદ (ઉ.વ.૬૫)એ આર. ટી.ઓ. રજી નં.GJ-૨૩ C-૬૮૮૦ મો.સા.ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદી પોતાના ઘરેથી સોમનાથ મંદિર થઈને અરબવાડા મસ્જિદ તરફ પોતાના મોટરસાયકલ પર જઈ રહ્યા હતા. જ્યારે તેઓ અમરેલીના રંગીલા પાન પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે પાછળથી આવતા એક અજાણ્યા મોટરસાયકલ (રજીસ્ટ્રેશન નંબરઃ GJ-૨૩-C-૬૮૮૦) ના ચાલકે પોતાનું વાહન બેફિકરાઈથી અને અતિ ઝડપે ચલાવી ફરિયાદીના બાઈક સાથે ભટકાવ્યું હતું.

આ અકસ્માત એટલો જોરદાર હતો કે ફરિયાદી રોડ પર પટકાયા હતા. તેમને જમણા પગે ગંભીર ફેક્ચર થયું છે, જ્યારે માથાના ભાગે, ગોઠણ પર અને શરીરના અન્ય ભાગોમાં નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. પોલીસે બાઈક નંબરના આધારે આરોપી ચાલકની શોધખોળ હાથ ધરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.વાય. કાજી વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના નાના ભંડારીયા ગામે ગ્રામસભામાં મહત્વના નિર્ણય લેવાયા

**ભાગીયુ રાખતા મજૂરોનો ફરજિયાત સ્ટેમ્પ પેપર પર કરાર કરવો**

અમરેલી,તા.૨૦

અમરેલીના નાના ભંડારીયા ગામે તાજેતરમાં ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં પરપ્રાંતીય મજૂરો અંગે ખેડૂત ખાતેદારોને જરૂરી માર્ગદર્શન અપાયું હતું. લેવાયેલ



નિર્ણય મુજબ, ખેડૂતોએ મજૂરોને ભાગિયું રાખતી વખતે ફરજિયાત સ્ટેમ્પ પેપર પર કરાર કરવો પડશે. આ સાથે મજૂરોના આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ અને ફોટા જેવા દસ્તાવેજો લેવાના રહેશે, તેમજ ગ્રામ પંચાયતમાં રજિસ્ટ્રેશન ફરજિયાત કરાવવાનું રહેશે. સભામાં અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના પી.આઈ. ગઢવી, બીટ જમાદાર કૌશિકભાઈ, સરપંચ પ્રતિનિધિ નરેશધાઈ ત્રાપસિયા, ઉપસરપંચ ઘનશ્યામ દેવાણી અને ગ્રામજનો હાજર રહ્યા હતા. ચર્ચા-પ્રશ્નોનું નિરાકરણ લાવ્યા બાદ સરપંચે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ક્લીનચીટ મુદ્દે કોંગ્રેસ આક્રમકઃ અમરેલીમાં પ્રતાપ દુધાતની આગેવાનીમાં ભાજપ વિરુદ્ધ દેખાવ

અમરેલી, તા. ૨૦

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી નજીક આવતા જ કોંગ્રેસ દ્વારા કવાયત શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત અમરેલી જિલ્લા કોંગ્રેસની કારોબારી બેઠક પ્રતાપભાઈ દુધાત અને જેનીબેન ઠુમ્મરના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં કાર્યકર્તાઓમાં જોમ જુસ્સો ભરવા અમરેલી જિલ્લા કોંગ્રેસના પ્રમુખ પ્રતાપ દુધાતે હુંકાર કર્યો હતો ને 'લડશું તો




જીતશું' તેવો રણટંકાર કર્યો હતો.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયત લડવાનો પણ હુંકાર પ્રતાપ દુધાતે કર્યા બાદ હાથમાં બેનર, પ્લે કાર્ડ સાથે ભાજપ વિરુદ્ધ સુત્રોચ્ચાર કરતા કરતા પ્રતાપ દુધાત, સહિતના કોંગી નેતાઓ રાજકમલ ચોકમાં પહોંચ્યા હતા અને નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને નામદાર કોર્ટે દ્વારા ક્લીનચીટ મુદ્દે ફટાકડા ફોડીને ખુશી વ્યક્ત કરાઈ હતી. તેમજ SIR મુદ્દે પણ અધિકારીઓની કામગીરીઓ સામ પ્રતાપ દુધાતે સવાલો ઉભા કર્યા હતા. કોંગ્રેસની આ વિસ્તૃત બેઠકમાં મોટી સંખ્યામાં અમરેલી સમિતિના આગેવાનો હાજર રહ્યા હતા.

# રાજુલા માર્કેટિંગ યાર્ડમાં બિનહરીફ ભાજપનો ભગવો લહેરાયો



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા, તા. ૨૦

રાજુલા માર્કેટિંગ યાર્ડમાં ભારતીય જનતા પાર્ટી પ્રેરિત પેનલ બિનહરીફ થવા પામી હતી. વેપારી પેનલ ના ૪, ખરીદ વેચાણ સંઘ વિભાગના ૨ અને ખેડૂત વિભાગમાં ૧૦ એમ મળી નવનિયુકત ૧૬ બેઠક ઉપર ડિરેક્ટરોને બિનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા. મોડી સાંજે માર્કેટિંગ યાર્ડ ખાતે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, ગુજરાત રાજ્ય ખરીદ વેચાણ સંઘ પ્રમુખ જીગ્નેશભાઈ પટેલના નેતૃત્વ હેઠળ પેનલ બિનહરીફ જાહેર થતા ફટાકડા ફોડી ખુશી મનાવી હતી.

# રાજુલામાં આઈ.ડી.બી.આઈ બેંક દ્વારા સિવિલ હોસ્પિટલને ડીફીબ્રિલેટર મશીન ભેટ અપાયું

રાજુલા,તા.૨૦

રાજુલામાં આઈ.ડી.બી. આઈ બેન્ક દ્વારા આજે સિવિલ




તસવીર : ગોપાલ રાઠોડ

હોસ્પિટલમાં ત્રણ આધુનિક મશીન ભેટ સ્વરૂપે આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાજકોટના રિજનલ હેડ અશોક રાનદાની, વિમલ પિત્રોડા, આઈ.ડી.બી.આઈ બેન્ક રાજુલા બ્રાંચ હેડ જીતેન્દ્ર બોલીયા, પંકજ કણજરીયા, પ્રવિણ બારોટ, રાઘવ બલદાણીયા, જય દુધાત્રા, વિવેક જૈન, નાગરાજ ધાખડા, વિનોદ પરમાર, કલ્પેશ બારૈયા સહિતના અધિકારીઓ હાજર રહેલ. હૃદયની કોઈપણ ઈમરજન્સીના સમયે આ આ ડીફીબ્રિલેટર મશીન હોસ્પિટલમાં આવતા તમામ દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. આજના આ કાર્યક્રમમાં રાજુલા હોસ્પિટલના અધિક્ષક ડો. શિલ્પા જાવિયા, આર.એમ.ઓ ડો. ખુમાણ, ડો. હરેશ જેઠવા, ડો. વિનુભાઈ કલસરિયા, ડો. વિમલ ધાનાણી, ડો. ડી.જી. પરમાર, ડો. જય વાળાકી, હોસ્પિટલ સ્ટાફ જીંજાળાભાઈ, વાળાભાઈ વગેરે હાજર રહેલ.


ઉત્સવ મીની ઘાણીનું તેલ
શીગતેલ ■ તલ તેલ તે પણ આપની નજર સામે...
ડેમેજ કે પલળ્યા વગરની જ ફક્ત...
G 20 મગફળીને ફોલીને પ્યોર ઘાણીનું તેલ
આપની નજર સામે લાઈવ ભરાવો...
સ્થળ : રાધેશ્યામ બાયપાસ ચોકડી, ફાટક પાસે, અમરેલી.
Mo. 94269 61006 | 98790 56605 | 92659 76525

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.




BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.


**મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયા**

**-:રૂબરૂ સુનવણી નોટીસ:-**

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૭૫/૨૦૨૫ તા.૦૩/૧૨/૨૯૨૫

**અરજદારશ્રી:-** શ્રી ચંદુભાઈ અરજણભાઈ સોરઠીયા,
રહે. સનાળા, તા.વડીયા, જી.અમરેલી
**મો.- ૯૧૦૬૯ ૩૧૨૬૨**

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી સનાળા, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે**
**મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી ચંદુભાઈ અરજણભાઈ સોરઠીયાએ તેમના માતાશ્રી ચંપાબેન અરજણભાઈ સોરઠીયાનું અવસાન તા.૦૧/૧૦/૨૦૨૧ના રોજ મુ.સનાળા, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૨/૦૧/૨૦૨૬ ના રોજ ૧૨:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજૂ કરવાના હોય. અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

નોંધ :- (૧) વર્ષઃ-૨૦૨૦ થી ૨૦૨૨ સુધીનુ રેકર્ડ રજૂ કરવું

કોર્ટનો સિક્કો

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**


શું તમને સાંભળવાની તકલીફ છે ?

☛ નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
☛ બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
☛ જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.233/2025

**પ્રતિ,**
શ્રી મહમદભાઈ હાજીભાઈ વાજા
રહે. જલારામ સોસાયટી, મુળદ્વારકા રોડ, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ

**.....અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર
નગરપાલીકા, કોડીનાર, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ **...સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના કોડીનાર ગામના રહીશ શ્રી મહમદભાઈ હાજીભાઈ વાજા તથા શ્રી નુરજહાબેન મહમદભાઈ વાજાના પુત્રી રસીદાબેન મહમદભાઈ વાજાનો જન્મ તારીખ **01/06/1970** ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ નગરપાલીકા, કોડીનાર, તાલુકો કોડીનાર સને.**1970** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.226/2025

**પ્રતિ,**
શ્રી કાસમભાઈ હસનભાઈ કુરેશી,
રહે. ડોળાસા, ગામ-ડોળાસા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ

**.....અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી
ગ્રામ પંચાયત, ડોળાસા, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ **...સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના ડોળાસા ગામના રહીશ રહેમાન સુલતાનભાઈ કુરેશી તથા ફાતમાબેન રહેમાન કુરેશીના પુત્ર ઈકબાલ રહેમાન કુરેશીનો જન્મ તારીખ **01/05/1969** ના રોજ કોડીનાર તાલુકાના ડોળાસા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત, ડોળાસા, તાલુકો કોડીનાર સને.**1969** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# અમૂલ ડેરીના ચેરમેન અને વા.ચેરમેન અમરેલીના સારહિ તપોવન આશ્રમની મુલાકાતે

અમરેલી,તા.૨૦

ગુજરાત સહકારી મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ (અમૂલ ડેરી-આણંદ) ના ચેરમેન અશોકભાઈ ચૌધરી, વાઈસ ચેરમેન ગોરધનભાઈ ધામેલીયા તથા ફેડરેશનના અધિકારીગણ દ્વારા સારહિ યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમની તા. ૧૮/૧૨/૨૦૨૫ ના રોજ શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત



દરમિયાન આશ્રમમાં નિવાસ કરતા તપસ્વીઓ તથા સારહિ યુથ ક્લબના પદાધિકારીઓ દ્વારા મહાનુભાવોનું હૃદયપૂર્વક સત્કાર સહ સ્વાગત કરવામાં આવ્યું હતું.

મુલાકાત દરમિયાન અમૂલ ડેરીના ચેરમેન અને વાઈસ ચેરમેને સંસ્થા દ્વારા ચલાવવામાં આવતી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી મેળવી હતી. આશ્રમની પ્રગતિ અને નિઃસ્વાર્થ સેવાના કાર્યો જોઈને તેઓ અભિભૂત થયા હતા. સારહિ તપોવન આશ્રમના સ્વપ્નદ્રષ્ટા અને સારહિ યુથ ક્લબના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી તેમજ સમગ્ર સારહિ પરિવારની નિષ્ઠાને બિરદાવી ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે અમર ડેરીના ચેરમેન અને ટ્રસ્ટી અશ્વિનભાઈ સાવલીયા, સારહિ યુથ ક્લબના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી, ટ્રસ્ટી હિમાંશુભાઈ ધાનાણી, અમર ડેરીના જનરલ મેનેજર ધાર્મિકભાઈ રામાણી, સંજયભાઈ ગઢવી તથા અમિતભાઈ ગોસાઈ સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે સારહિ પરિવાર વતી અમૂલ ડેરીના ચેરમેન, વાઈસ ચેરમેન અને અધિકારીગણનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# બગસરામાં પીએમ આવાસ યોજનાના નાણા લાભાર્થીઓને મળતા આનંદ

**ચાર હપ્તા પૈકી પ્રથમ હપ્તો લાભાર્થીઓને મળતા મકાનના કામોને વેગ મળશે**

અમરેલી, તા.૨૦

બગસરામાં ચાર મહિના પહેલા ૧૭૩ લાભાર્થીઓને પીએમ આવાસ યોજના અંતર્ગત મકાન બનાવવાની મંજૂરી મળી હતી. આ મકાન પેટે કેન્દ્ર અને રાજય સરકાર તરફથી લાભાર્થીઓને હપ્તા પેટે રૂ.૪ લાખ મળવાપાત્ર હતા. જેમાં લાભાર્થીઓએ મકાનનું કામ શરૂ કરી દેવામાં આવ્યા બાદ ચાર મહિના સુધી પ્રથમ હપ્તો ન મળતા લાભાર્થીઓની હાલત કફોડી બની જવા પામી હતી. જો કે આખરે ચાર મહિના બાદ લાભાર્થીઓના ખાતામાં પ્રથમ હપ્તા પેટે રૂા.૭૦૦૦૦ જમા થતા લાભાર્થીઓના ચહેરા પર આનંદ છવાયો હતો. ગાંધીનગર ખાતે આવેલી એફોર્ડેબલ હાઉસીંગ મિશનની કચેરી દ્વારા જણાવાયુ છે કે જે લાભાર્થીઓના મકાનનું બાંધકામ લેન્ટર સુધી પહોંચી ગયુ છે તે તમામ લાભાર્થીઓને ટૂંક સમયમાં બીજો હપ્તો મળશે. સરકાર લોકોને ઘરનું ઘર મળી રહે તે માટે કટિબધ્ધ છે. આમ, ચાર મહિના બાદ લાભાર્થીઓને પ્રથમ હપ્તો મળતા તેમના ચહેરા પર ખુશી વ્યાપી ગઈ છે.

# બગસરામાં પતિ સાથેની સામાન્ય બોલાચાલીમાં પરિણીતાએ ઝેરી દવા પીધી

બગસરા, તા. ૨૦

અમરેલી જિલ્લાના બગસરામાં એક પત્નીએ પતિ સાથે થયેલી સામાન્ય બોલાચાલી બાદ વાડીએ જઈ ખેતીમાં વાપરવાની ઝેરી દવા પી લેતા ચકચાર મચી ગઈ છે. મળતી માહિતી મુજબ, બગસરામાં રહેતા ભગવતીબેન અને તેમના પતિ નરેશભાઈ વચ્ચે કોઈ કારણસર સામાન્ય બોલાચાલી થઈ હતી. આ સામાન્ય વાતમાં ભગવતીબેનને મનમાં અત્યંત લાગી આવ્યું હતું. આવેશમાં આવીને તેઓ પોતાની વાડીએ ગયા હતા અને ત્યાં ઘાસ (ખડ)માં છાંટવાની ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ઘટનાની જાણ થતા જ પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. હાલ ભગવતીબેનને અમરેલી સિવિલ હોસ્પિટલના આઈ.સી.યુ. (ICU) વિભાગમાં દાખલ કરવામાં આવ્યા છે. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, ઝેરની અસરને કારણે તેઓ અત્યારે બેભાન હાલતમાં છે અને ડોક્ટરો દ્વારા તેમને બચાવવા માટે સઘન સારવાર આપવામાં આવી રહી છે.

# લીલીયા પોલીસ દ્વારા યુવાનોને નશામુક્ત કરવા સ્પેશિયલ ડ્રાઈવ યોજવામાં આવી

લીલીયા,તા.૨૦

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા ડ્રગ્સ સામેની કડક ઝુંબેશના ભાગરૂપે 'ગોગો રોલિંગ પેપર' પર પ્રતિબંધ મૂકવાની સૂચના આપવામાં આવી છે.



આ સૂચનાના અનુસંધાનમાં, અમરેલી એસ.પી. સંજય ખરાત અને DYSP ચિરાગ દેસાઈના માર્ગદર્શન હેઠળ લીલીયા પોલીસ દ્વારા ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. લીલીયા પોલીસ સ્ટેશનના PSI એમ. વાય. જાડેજાની આગેવાની હેઠળ લીલીયા પોલીસે પાન પાર્લર, ચાની દુકાનો અને છૂટક કરિયાણાની દુકાનો પર તપાસ હાથ ધરી હતી. દુકાનદારોને રોલિંગ પેપર, ગોગો સ્મોકિંગ કોન અને પરફેક્ટ રોલ જેવી વસ્તુઓનો સંગ્રહ, વેચાણ, વિતરણ કે હેરાફેરી ન કરવા માટે કડક સૂચના આપવામાં આવી છે. આ ડ્રાઈવનો હેતુ રાજ્યમાં ડ્રગ્સના દૂષણને ડામવાનો છે.

# લાઠીના કાંચરડી ગામની યુવતી રહસ્યમય સંજોગોમાં લાપતા, પરિવારમાં ચિંતાનો માહોલ

લાઠી, તા.૨૦

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના કાંચરડી ગામેથી એક યુવતી ગુમ થઈ હોવાની ઘટના સામે આવી હતી. ૧૮ વર્ષની યુવતી પોતાના ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા વગર ક્યાંક જતી રહેતા પરિવારે પોલીસની મદદ માંગી હતી. મળતી માહિતી મુજબ, કાંચરડી ગામે રહેતા દિલીપભાઈ નાથુભાઈ સિંધવની દીકરી ઉર્વીશાબેન (ઉંમર વર્ષ ૧૮) ગત રોજ પોતાના ઘરે હાજર હતી. આ દરમિયાન તે કોઈને જાણ કર્યા વગર અચાનક ઘરેથી નીકળી ગઈ હતી. મોડી સાંજ સુધી દીકરી પરત ન ફરતા પરિવારે તેની શોધખોળ હાથ ધરી હતી, પરંતુ તેની કોઈ ભાળ મળી નહોતી. દીકરીની લાંબી શોધખોળ બાદ તેના પિતા દિલીપભાઈએ લાઠી પોલીસ મથકે આ અંગેની જાણ કરી હતી. લાઠી પોલીસે આ મામલે ગુમનોંધ દાખલ કરી યુવતીની શોધખોળ માટે ચક્રો ગતિમાન કર્યા હતા.

# રાજુલા પંથકમાં રાત્રિના સમયે પ્રેમિકાને મળવા ગયેલા પ્રેમી પર પરિવારનો હુમલો

રાજુલા, તા.૨૦

રાજુલા પંથકમાં પ્રેમ સંબંધના મામલે હિંસક અથડામણની ઘટના સામે આવી હતી. પરિણીત મહિલા સાથે પ્રેમ સંબંધ ધરાવતા એક યુવકને મહિલાના પતિ અને પરિવારના સભ્યોએ રંગેહાથ પકડી પાડી, લોખંડના પાઈપ અને લાકડાના ધોકા વડે નિર્મમ માર માર્યો હતો. આ હુમલામાં યુવકના હાથ અને પગમાં ગંભીર ફ્રેક્ચર થયા હોવાનું જાણવા મળ્યું છે. હીંડોરણા ગામે રહેતા ગોપાલભાઈ શંભુભાઈ ઠાપા (ઉ.વ.૨૩)એ રામપરા-૨ ગામે રહેતા ભુટ્ટો ઉર્ફે ભુપત ધુડાભાઈ, લાલો પાચાભાઈ તથા સંજય પાચાભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ફરિયાદી યુવકને આ કેસના મુખ્ય આરોપીની પત્ની અલ્પા સાથે પ્રેમ સંબંધ હતો. ગત રાત્રિના સમયે ફરિયાદી યુવક મહિલાને મળવા માટે તેના ઘરે ગયો હતો. આ દરમિયાન ઘરના સભ્યો જાગી ગયા હતા અને યુવકને પકડી પાડ્યો હતો અને યુવક પર હુમલો કર્યો હતો. આ હુમલાને કારણે યુવકને બે જગ્યાએ ગંભીર ફ્રેક્ચર થયા છે. અન્ય એક આરોપીએ લાકડાના ધોકા વડે યુવકને શરીરે આડેધડ માર માર્યો હતો. હુમલા દરમિયાન આરોપીઓએ યુવકને બિભત્સ ગાળો આપી હતી અને જો ફરીથી અહીં દેખાયો તો 'જાનથી મારી નાખવાની' ધમકી પણ આપી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ.એલ. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરી વેચતો દુકાનદાર પકડાયો, ૧૦ ફિરકી કબજે

અમરેલી, તા. ૨૦

ઉત્તરાયણ પૂર્વે અમરેલી પોલીસ એક્શન મોડમાં આવી છે. જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરીને પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા શખ્સને પોલીસે ઝડપી પાડ્યો છે. શહેરની એક પાનની દુકાનમાંથી પ્લાસ્ટિકની જીવલેણ દોરીની ૧૦ ફિરકી જપ્ત કરવામાં આવી હતી.

અમરેલી પોલીસને મળેલી બાતમીના આધારે 'ખોડીયાર પાન' નામની દુકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન દુકાનમાંથી ચાઈનીઝ બનાવટની પ્લાસ્ટિકની દોરી (મોનોફિલ ગોલ્ડ - MonoFil Gold) ની કુલ ૧૦ ફિરકી મળી આવી હતી. પોલીસે અંદાજે રૂ.૨,૮૦૦ની કિંમતનો આ મુદ્દામાલ જપ્ત કરીને પરીશદ અશોકભાઈ જીંજુવાડીયા (ઉ.વ.૨૮)ની અટકાયત કરી હતી.

ઉલ્લેખનીય છે કે, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી દ્વારા તાજેતરમાં જ (જાહેરનામા નંબરઃ નાચિ/પલસ/વશી/૧૦૩૫/૨૦૨૫, તા. ૨૪/૧૧/૨૦૨૫) ચાઈનીઝ અને પ્લાસ્ટિકની દોરીના વેચાણ તેમજ ઉપયોગ પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. આરોપીએ આ જાહેરનામાનો સરેઆમ ભંગ કરી માનવ જિંદગી અને પક્ષીઓ માટે જોખમી એવી દોરીનું વેચાણ રાખતા તેની સામે કાયદેસરનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૫૭૧ |
| ઘઉં લોકવન | ૫૦૫ | ૫૩૭ |
| ઘઉં ટુકડા | ૫૦૬ | ૫૮૦ |
| જુવાર સફેદ | ૮૨૫ | ૯૩૫ |
| બાજરી | ૩૬૦ | ૪૩૪ |
| તુવેર | ૮૫૦ | ૧૨૭૦ |
| ચણા પીળા | ૯૬૦ | ૧૦૬૦ |
| ચણા સફેદ | ૧૩૬૦ | ૧૯૨૦ |
| અડદ | ૯૩૭ | ૧૫૦૧ |
| મગ | ૧૧૫૦ | ૧૯૭૦ |
| વાલ દેશી | ૬૦૦ | ૧૦૫૦ |
| ચોળી | ૯૨૫ | ૧૧૬૫ |
| મઠ | ૭૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૯૫૦ | ૧૬૦૦ |
| કળથી | ૪૫૦ | ૮૧૦ |
| રાજમા | ૮૦૦ | ૧૪૫૦ |
| મગફળી જાડી | ૧૦૨૧ | ૧૪૦૫ |
| મગફળી જીણી | ૧૦૧૧ | ૧૩૮૫ |
| તલી | ૧૭૨૧ | ૨૧૭૪ |
| સુરજમુખી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૩૦૪ |
| અજમો | ૧૬૫૫ | ૧૭૯૦ |
| સુવા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૮૨૫ | ૯૦૧ |
| સીંગફાડા | ૯૭૦ | ૧૪૯૦ |
| કાળા તલ | ૩૬૪૦ | ૫૧૫૧ |
| લસણ | ૧૧૨૫ | ૨૧૧૦ |
| ધાણા | ૧૪૨૦ | ૧૮૭૬ |
| મરચા સુકા | ૨૧૪૦ | ૩૬૦૦ |
| ધાણી | ૧૪૫૦ | ૧૯૦૦ |
| વરીયાળી | ૧૧૮૧ | ૧૪૮૦ |
| રાય | ૧૩૦૧ | ૧૯૫૦ |
| મેથી | ૯૧૦ | ૧૩૫૫ |
| ઇસબગુલ | ૧૫૦૦ | ૧૬૧૫ |
| કલોંજી | ૪૧૮૦ | ૪૫૦૦ |
| રજકાનું બી | ૫૮૦૦ | ૫૮૦૦ |
| ગુવારનું બી | ૯૮૦ | ૧૧૧૧ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૩૨૧ | ૭૦૨ |
| પપૈયા | ૮૫ | ૧૧૫ |
| બટેટા | ૧૦૩ | ૩૮૯ |
| ડુંગળી સુકી | ૫૧ | ૨૭૦ |
| ટમેટા | ૭૧૨ | ૯૯૪ |
| સુરણ | ૬૫૪ | ૮૧૧ |
| કોથમરી | ૨૪૯ | ૪૨૧ |
| મુળા | ૨૬૯ | ૪૮૦ |
| રીંગણા | ૪૯૧ | ૯૮૨ |
| કોબીજ | ૧૦૯ | ૨૦૪ |
| ફ્લાવર | ૩૦૨ | ૪૯૭ |
| ભીંડો | ૭૮૯ | ૧૩૧૭ |
| ગુવાર | ૧૧૮૧ | ૧૬૮૪ |
| ચોળાસીંગ | ૫૧૧ | ૭૨૪ |
| વાલોળ | ૫૦૨ | ૮૦૬ |
| ટીંડોરા | ૪૯૩ | ૧૦૩૨ |
| દુધી | ૭૨ | ૧૨૯ |
| કારેલા | ૩૩૧ | ૫૦૭ |
| સરગવો | ૧૪૦૨ | ૨૩૧૪ |
| તુરીયા | ૫૮૯ | ૮૩૭ |
| પરવર | ૧૦૩૭ | ૧૫૦૨ |
| કાકડી | ૩૩૬ | ૭૧૯ |
| ગાજર | ૨૨૬ | ૩૯૭ |
| વટાણા | ૬૦૨ | ૭૪૬ |
| તુવેરસીંગ | ૩૧૯ | ૫૧૭ |
| ગલકા | ૪૯૧ | ૭૧૭ |
| બીટ | ૨૪૭ | ૪૦૨ |
| મેથી | ૨૦૭ | ૩૯૭ |
| વાલ | ૮૨૪ | ૧૦૯૨ |
| ડુંગળી લીલી | ૨૮૧ | ૪૧૨ |
| આદુ | ૯૨૭ | ૧૦૭૯ |
| ચણા લીલા | ૯૭ | ૪૦૯ |
| મરચા લીલા | ૪૭૧ | ૮૦૪ |
| હળદર લીલી | ૪૦૬ | ૫૯૧ |
| લસણ લીલું | ૬૪૧ | ૧૧૯૨ |
| મકાઇ લીલી | ૧૮૯ | ૩૨૬ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૫૧ | ૧૫૬૬ |
| ઘઉં લોકવન | ૫૦૬ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૭૦૨ |
| મગફળી જીણી | ૧૦૦૧ | ૧૩૩૬ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૪૮૬ |
| એરંડા / એરંડી | ૧૨૦૦ | ૧૩૫૧ |
| જીરૂ | ૨૫૫૧ | ૩૯૬૧ |
| ધાણા | ૮૦૧ | ૧૮૮૬ |
| લસણ સુકું | ૯૦૧ | ૨૧૧૧ |
| ડુંગળી લાલ | ૩૧ | ૪૫૬ |
| અડદ | ૯૦૧ | ૧૨૧૧ |
| તુવેર | ૯૫૧ | ૧૨૬૧ |
| રાયડો | ૧૧૭૧ | ૧૧૭૧ |
| મેથી | ૮૦૧ | ૧૦૫૧ |
| કાંગ | ૩૨૬ | ૫૮૧ |
| મરચા | ૮૦૧ | ૪૨૫૧ |
| મગફળી જાડી | ૯૫૦ | ૧૩૭૬ |
| સફેદ ચણા | ૧૦૦૧ | ૧૯૫૧ |
| મગફળી ૬૬ | ૧૦૮૧ | ૧૫૬૧ |
| તલ - તલી | ૧૪૦૧ | ૨૧૪૧ |
| ધાણી | ૯૫૧ | ૧૮૭૧ |
| ડુંગળી સફેદ | ૧૪૧ | ૪૦૧ |
| બાજરો | ૩૩૧ | ૩૮૧ |
| જુવાર | ૮૩૧ | ૮૬૧ |
| મગ | ૮૦૧ | ૧૫૯૧ |
| ચણા | ૮૫૧ | ૧૦૯૧ |
| વાલ | ૫૫૧ | ૧૦૦૧ |
| ચોળા / ચોળી | ૬૫૦ | ૧૨૫૧ |
| સોયાબીન | ૬૫૧ | ૮૯૧ |
| કળથી | ૫૨૬ | ૭૫૧ |
| ગોગળી | ૮૦૦ | ૧૧૯૧ |
| વટાણા | ૧૦૫૧ | ૧૦૫૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૧૨૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૧૦૦ | ૪૦૦ |
| દુધી | ૨૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૫૦ | ૬૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૧૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૨૦૦ | ૫૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| તુવેર | ૨૦૦ | ૮૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૫૦૦ | ૮૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૫૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| આંબળા | ૫૦૦ | ૭૦૦ |
| લીલી હળદર | ૩૦૦ | ૭૦૦ |
| ડુંગળી પુરા | ૨ | ૫ |
| તાંજરીયા પુરા | ૩ | ૮ |
| કોથમીર પુરા | ૧ | ૫ |
| મૂળા પુરા | ૫ | ૮ |
| ફોદીનો પુરા | ૧ | ૨ |
| શેરડી | ૨૪૦ | ૩૦૦ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| ચ્રણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૧ | ૫ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૨૦૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૩૦૦ |
| ફણશી | ૧૮૦૦ | ૨૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૬૦ |
| લસણ પુરા | ૩ | ૫ |
| પાલક પુરા | ૧ | ૫ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૦૦૦ | ૧૨૭૧ |
| શિંગ ૬૬ | ૧૦૮૬ | ૧૨૭૦ |
| ગીરનાર શિંગ | ૧૦૨૦ | ૧૩૫૬ |
| શિંગ મોટી | ૯૫૦ | ૧૩૩૫ |
| શીંગ દાણા | ૧૦૮૬ | ૧૪૨૦ |
| શીંગદાણા ફાડા | ૧૩૧૦ | ૧૩૬૫ |
| તલ સફેદ | ૧૦૪૦ | ૨૨૭૫ |
| તલ કાળા | ૨૫૦૦ | ૫૧૫૦ |
| તલ કશ્મીરી | ૧૯૦૦ | ૨૪૦૫ |
| બાજરો | ૪૧૨ | ૪૧૨ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૫૬ |
| ઘઉં લોકવન | ૪૨૬ | ૬૩૯ |
| મકાઈ | ૩૨૦ | ૬૦૫ |
| અડદ | ૮૮૦ | ૧૨૯૨ |
| ચણા | ૭૨૦ | ૧૦૮૨ |
| સફેદ ચણા | ૯૧૫ | ૧૦૬૧ |
| છોલે ચણા | ૧૪૫૧ | ૧૪૬૨ |
| તુવેર | ૭૭૦ | ૧૧૬૦ |
| કપાસ | ૮૩૦ | ૧૫૮૧ |
| એરંડા | ૧૦૫૦ | ૧૩૧૧ |
| જીરૂ | ૩૬૮૦ | ૩૮૦૦ |
| ધાણા | ૧૪૧૦ | ૧૮૧૦ |
| મેથી | ૮૦૨ | ૯૭૨ |
| સોયાબીન | ૬૫૫ | ૮૮૫ |
| મરચાં લાબા | ૭૦૦ | ૩૫૫૦ |
| કાંગ | ૪૧૪ | ૫૭૫ |
| **અમરેલી શાકભાજી** | | |
| બટેટા | ૩૧૦ | ૪૧૦ |
| રીંગણા | ૪૦૦ | ૮૦૦ |
| ફ્લાવર | ૩૫૦ | ૪૧૦ |
| કોબીજ | ૨૧૦ | ૩૧૦ |
| શક્કરીયા | ૬૧૦ | ૮૧૦ |
| ટમેટા | ૯૧૦ | ૧૦૧૦ |
| સુરણ | ૮૧૦ | ૯૧૦ |
| ગાજર | ૫૧૦ | ૬૧૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૮૨૦ | ૧૦૨૦ |
| ગલકા | ૬૧૦ | ૮૧૦ |
| મૂળા | ૩૨૦ | ૪૨૦ |
| કાકડી | ૩૧૦ | ૫૧૦ |
| ગુવાર | ૮૨૦ | ૧૬૨૦ |
| વાલોળ | ૮૨૦ | ૫૧૦ |
| વટાણાં | ૫૦૦ | ૬૦૦ |
| ચોળા લીલા | ૫૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૭૧૦ | ૮૧૦ |
| આમળા | ૫૧૦ | ૭૧૦ |
| ભીંડો | ૭૧૦ | ૧૦૧૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૧૧૦ | ૧૨૧૦ |
| કોથમીર | ૧૫૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૫૦૦ |
| ફોદીનો | ૬૧૦ | ૭૧૦ |
| ટીંડોરા | ૬૨૦ | ૭૨૦ |
| બીટ | ૨૫૦ | ૩૧૦ |
| તુવેર | ૪૨૦ | ૫૨૦ |
| લીમડો મીઠો | ૨૧૦ | ૩૧૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૮૦૦ |
| મરચાં લાલ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૬૦ |
| લસણ લીલું | ૯૧૦ | ૧૦૧૦ |
| લસણ સુકું | ૮૦૦ | ૧૪૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૬૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| **બાબરા** | | |
| કપાસ સુપર | ૧૨૪૦ | ૧૫૬૫ |
| કપાસ મીડીયમ | ૧૦૦૦ | ૧૨૨૦ |
| મગફળી | ૧૦૧૦ | ૧૩૬૦ |
| તલ સફેદ | ૧૬૨૦ | ૧૯૯૦ |
| કાળા તલ | ૩૨૨૫ | ૪૪૧૫ |
| જીરૂ | ૩૧૧૦ | ૩૯૦૦ |
| ઘઉં | ૪૬૫ | ૫૨૫ |
| ચણા | ૯૦૫ | ૧૧૧૫ |
| અડદ | ૯૧૫ | ૧૧૯૫ |
| સોયાબીન | ૭૯૦ | ૮૪૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૬૦૧ | ૧૩૨૭ |
| તલ સફેદ | ૧૫૫૧ | ૧૯૫૦ |
| તલ કાળા | ૩૧૦૪ | ૩૧૦૪ |
| તલ પીળા | ૨૧૨૪ | ૨૧૨૪ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૧ |
| બાજરો | ૩૭૪ | ૪૫૦ |
| ઘઉં ટુકડા | ૪૪૫ | ૫૫૫ |
| જુવાર | ૪૭૦ | ૯૯૭ |
| મગ | ૯૦૦ | ૩૧૦૦ |
| અડદ | ૬૦૦ | ૧૪૫૦ |
| ચણા | ૭૫૧ | ૯૦૦ |
| જીરૂ | ૩૫૩૫ | ૩૫૩૫ |
| સોયાબીન | ૬૫૬ | ૭૬૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૫૦ | ૧૩૦૦ |
| શીંગ મોટી | ૧૧૦૦ | ૧૩૫૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૦૧ |
| જીરૂ | - | ૩૬૫૦ |
| કપાસ | ૧૧૫૦ | ૧૫૫૮ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૫૭ |
| મકાઈ | ૫૫૫ | ૬૦૦ |
| અડદ | ૭૦૦ | ૯૯૦ |
| ચણા | ૮૮૦ | ૧૦૭૦ |
| એરંડી | ૧૨૩૮ | - |
| ધાણા | ૧૩૪૬ | - |
| સોયાબીન | ૭૦૫ | ૮૪૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૮૯ |
| ઘઉં લોકવન | ૪૨૬ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૩૧ |
| અડદ | ૭૦૦ | ૧૦૪૫ |
| ચણા | ૧૦૨૦ | ૧૦૩૧ |
| ધાણા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| વાલ | ૮૨૦ | ૮૨૦ |
| તલ સફેદ | ૨૩૦૦ | ૨૩૦૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૮૧ |
| લસણ | ૧૧૦૦ | ૧૪૫૧ |
| મગફળી | ૭૯૦ | ૧૧૦૯ |
| શિંગ દાણા | ૧૨૦૦ | ૧૩૨૫ |
| લસણ | ૧૧૦૦ | ૧૪૫૧ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૦૬૨ | ૧૫૨૮ |
| તલ | ૧૫૧૫ | ૧૫૧૫ |
| **ધારી** | | |
| કપાસ | ૯૬૬ | ૧૫૦૧ |
| મગફળી | ૮૪૫ | ૧૧૨૧ |
| ઘઉં | ૫૦૧ | ૫૦૯ |
| ચણા | ૮૦૧ | ૯૯૦ |
| અડદ | ૭૫૦ | ૧૧૨૩ |
| ધાણા | ૧૫૪૦ | ૧૫૪૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૧૯૦૦ |
| તલ કાળા | ૩૪૭૫ | ૩૪૭૫ |
| શિંગ દાણા | ૧૦૫૦ | ૧૩૩૧ |
| સોયાબીન | ૮૩૪ | ૮૩૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૦૮૧ | ૧૫૦૯ |
| મગફળી | ૧૦૨૫ | ૧૨૨૧ |
| ચણા | ૮૫૨ | ૮૫૨ |
| સોયાબીન | ૬૨૫ | ૮૦૧ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૬૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૨૯ |
| ચણા | ૮૦૧ | ૧૦૧૧ |
| અડદ | ૯૦૧ | ૧૧૯૬ |
| મગફળી | ૭૦૧ | ૧૨૫૧ |
| શિંગફાડા | ૧૦૦૧ | ૧૧૯૬ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૦૫૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૭૯૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૭૬ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૭૦ | ૧૪૨૦ |
| મગફળી ૩૨ | ૧૦૨૧ | ૧૩૦૭ |
| બાજરી હાઈબ્રીડ | ૩૪૫ | ૫૭૯ |
| ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૬૪ |
| જુવાર | ૭૫૦ | ૯૨૦ |
| અડદ | ૬૫૦ | ૧૪૪૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૬૦ |
| તલ સફેદ | ૧૪૫૦ | ૧૯૫૦ |
| સોયબીન | ૮૦૦ | ૮૯૫ |
| કાંગ | ૪૦૫ | ૫૧૬ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૧૦૩૨ | ૧૩૧૯ |
| શીંગ ૩૯ | ૧૦૦૧ | ૧૧૬૪ |
| શીંગ ગીરનારી | ૧૦૬૬ | ૧૨૭૬ |
| શીંગ જી-૨૦ | ૧૦૫૫ | ૧૩૫૪ |
| એરંડા | ૧૨૩૬ | ૧૨૩૬ |
| જુવાર | ૩૪૪ | ૭૨૫ |
| બાજરી | ૩૭૫ | ૬૭૩ |
| ઘઉં ટુકડા | ૪૭૯ | ૬૪૪ |
| અડદ | ૯૨૨ | ૧૩૭૬ |
| મગ દેશી | ૭૦૦ | ૩૪૦૧ |
| સોયાબીન | ૬૭૧ | ૮૪૮ |
| ચણા | ૧૦૫૬ | ૧૦૫૬ |
| તલ સફેદ | ૧૮૦૧ | ૨૦૪૪ |
| કાળા તલ | ૪૨૯૨ | ૪૨૯૨ |
| ડુંગળી લાલ | ૫૦ | ૩૫૦ |
| ડુંગળી સફેદ | ૧૫૦ | ૨૬૧ |
| ડુંગળી સફેદબી. | ૨૬૧ | ૮૧૧ |
| કપાસ શંકર | ૮૧૦ | ૧૫૧૯ |
| **જામનગર** | | |
| બાજરો | ૪૦૫ | ૪૫૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૫૮ |
| મગ | ૧૦૬૫ | ૧૨૦૦ |
| અડદ | ૧૦૦૫ | ૧૨૭૦ |
| ચોળી | ૨૦૦ | ૩૭૦ |
| વાલ | ૭૦૫ | ૧૦૧૦ |
| મકાઈ | ૨૦૦ | ૨૯૫ |
| ચણા | ૯૦૦ | ૧૦૫૫ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૫૩૫ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૪૧૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| મગફળી ૬૬ | ૧૧૦૦ | ૧૬૦૫ |
| મગફળી ૯ | ૧૧૦૦ | ૧૮૨૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| તલ | ૮૫૦ | ૨૦૫૦ |
| લસણ | ૧૩૨૫ | ૨૯૨૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૫ |
| જીરૂ | ૨૯૦૦ | ૩૮૪૦ |
| અજમો | ૧૫૦૦ | ૨૮૦૫ |
| અજમાની ભુકી | ૫૫ | ૧૬૭૦ |
| મરચાં | ૧૦૦૦ | ૩૯૯૫ |
| ડુંગળી સુકી | ૨૫૦ | ૧૩૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૮૦ |

# શું ભારત હવે આતંકવાદી નિકાસ કરનાર દેશ બની નથી રહ્યો ને?

**બોન્ડી દરિયાકાંઠે થયેલા ત્રાસવાદી આક્રમણનો છેડો ભારતમાં નીકળ્યો છે. ભારતમાં વધતી ઇસ્લામિક કટ્ટરતાને નાથવા કોઈ ઉપાય નથી કરાઈ રહ્યો. ત્યારે લેબેનોનની વતની અને બેસ્ટ સેલર લેખિકા બ્રીજિટ ગ્રેબિયલેણે પુસ્તક રૂપે આપેલી ચેતવણી યાદ રાખવા જેવી છે.** They must be stopped.

વિચાર વલોણું

જયવંત પંડ્યા



ઑસ્ટ્રેલિયાના સિડનીના બોન્ડી દરિયાકાંઠે યહૂદીઓ 'હનુક્કાહ' નામનો ઉત્સવ આનંદ અને શાંતિપૂર્વક મનાવી રહ્યા હતા ત્યારે જ સાજિદ અક્રમ અને તેના દીકરા નાવિદ અક્રમે તેમના પર ગોળીઓનો વરસાદ વરસાવી દીધો અને ૧૬ના મૃત્યુ થઈ ગયા ! આ ઘટનાક્રમમાં આખી વાત મુસ્લિમ ત્રાસવાદીઓ પર ન વળી જાય તે માટે તેમાંથી એકની બંદૂક છિનવી તેને જમીન પર પાડી દેનાર અહમદ અલ અહમદ પર 'બેધડક' વાળી દેવાઈ. તેને હીરો બનાવી દેવાયો. તેના માટે ૧૦ લાખ ડૉલરનું દાન પણ ઉઘરાવી લેવાયું.

ભારતના અને વિદેશનાં કેટલાંક મીડિયાએ ભલે આવું કર્યું હોય પરંતુ 'ડેઈલી ટેલિગ્રાફ'એ ગુસ્સામાં લખ્યુંઃ **'You Ba***rds'**. હેડિંગમાં ગાળ લખવા પાછળ કેટલો રોષ હશે તે કલ્પી શકાય તેમ છે. છેલ્લાં લગભગ ૨૪ વર્ષથી વિશ્વ ભરમાં ઈસ્લામી ત્રાસવાદીઓ કેર વર્તાવી રહ્યા છે. આમ તો ઈસ્લામી સ્થાપના પછી તરત જ આ શરૂ થયું હતું. ભારત પર ઈ. સ. ૭૧૧થી મુહમ્મદ બિન કાસીમે ત્રાસવાદી આક્રમણ શરૂ કર્યું હતું ત્યારથી ભારતમાં આ ક્રમ ચાલ્યો આવે છે.

૨૦૨૫માં જ જોઈએ તો, અનેકાનેક ત્રાસવાદી આક્રમણો દુનિયા ભરમાં થયા છે. (ડાબેરી વિકિપિડિયા તો ઈઝરાયેલી સૈનિકો સ્વબચાવમાં આક્રમણ કરે તેને પણ ત્રાસવાદી આક્રમણ ગણાવે છે !) સૂર્ય આધારિત પંચાંગના વર્ષના પ્રથમ જ દિવસે ૧ જાન્યુઆરીએ અમેરિકાના ન્યૂ ઑર્લિયન્સમાં ૪૨ વર્ષના શમ્સુદ્દિન જબ્બરે ઈસ્લામિક સ્ટેટની પ્રેરણાથી નવા વર્ષની ઉજવણી કરી રહેલા ખ્રિસ્તીઓ અને અન્ય પંથીઓ પર ભાડે લીધેલી ફૉર્ડ કાર ચડાવી દીધી જેમાં ૧૫ જણા માર્યા ગયા !

૧૫ ફેબ્રુઆરીએ ઑસ્ટ્રિયાના વિલાચમાં ઈસ્લામિક સ્ટેટ સાથે જોડાયેલા ૨૩ વર્ષના એક ત્રાસવાદીએ પગપાળા ચાલી રહેલા છ લોકોને છરી હુલાવી દીધી. ૨૧ ફેબ્રુઆરીએ જર્મનીના બર્લિનમાં ૧૯ વર્ષના એક છોકરડાએ યહૂદીઓના સ્મારક ખાતે ૩૦ વર્ષના સ્પેનિશ પર્યટકને છરી હુલાવી દીધી. તેણે આક્રમણનું આયોજન સપ્તાહો પહેલાંથી કર્યું હતું અને તેનો આશય યહૂદીઓને મારવાનો હતો.

૨૨ ફેબ્રુઆરીએ ફ્રાન્સના મલહાઉસ શહેરમાં ૩૭ વર્ષના અલ્જિરિયન મુસ્લિમે અનેક વાર 'અલ્લાહૂ અકબર' બોલીને પોલીસ સહિત અનેક લોકોને છરી મારી દીધી. ૨૭ માર્ચે નેધરલેન્ડ્સના ઍમ્સ્ટરડમમાં એક આક્રમણકારીએ (હજુ સુધી તેની સાચી ઓળખ જાહેર અને કારણ જાહેર કરાયું નથી. આવું પણ લિબરલ સરકારોની લિબરલ પોલીસ કરતી હોય છે. મીડિયા પણ 'બેધડક' જાહેર ન કરે અને એકાદ અહમદ અલ અહમદ જેવાને હીરો બનાવી દે.) પાંચ અલગ-અલગ દેશના નાગરિકોને છરી હુલાવી દીધી.

ગત ૨૨ એપ્રિલે પહેલગામનું તો કંપાવી દેનાર આક્રમણ છે. ધર્મ પૂછીને ૨૫ હિન્દુ અને એક ખ્રિસ્તીની હત્યા મુસ્લિમ ત્રાસવાદીઓએ કરી દીધી. ૧૮ મેએ જર્મનીના બીએલેફીલ્ડમાં સિરિયાના મુસ્લિમે એક બારમાં ફૂટબૉલ મેચ જોઈ રહેલા પાંચની હત્યા કરી દીધી. આ ત્રાસવાદી ઈસ્લામિક સ્ટેટથી પ્રેરિત હતો.

૨૨ અને ૨૮ મેએ સિરિયામાં આઈએસઆઈએસે બૉમ્બ ધડાકા કરી બેની હત્યા કરી. ૧ જૂને અમેરિકાના બાઉલ્ડરમાં મોહમ્મદ સાબરી સોલીમને ફ્લેમથ્રૉવર અને મોલોટોવ કૉકટેઈલ (પીણું)નો ઉપયોગ કરીને હમાસ દ્વારા ૭ ઑક્ટોબર ૨૦૨૩ના દિને બંધક બનાવાયેલા ઈઝરાયેલીઓની સાથે સહાનુભૂતિ દર્શાવવા નીકળેલી કૂચના લોકોને નિશાન બનાવ્યા. તેમાં એકનું મૃત્યુ થયું અને પંદર ઘવાયા હતા. સિરિયાના દમાસ્કસમાં ૨૨ જૂને એક ચર્ચમાં ૩૫૦થી વધુ ખ્રિસ્તીઓ પ્રાર્થના કરી રહ્યા હતા ત્યારે સરાયા અન્સર અલ સુન્નાહ નામના ત્રાસવાદીએ ગોળીઓ છોડીને ૩૧ લોકોને મારી નાખ્યા અને ૫૪ને ઘાયલ કર્યા ! કોંગોના કોમાન્ડામાં ૨૭ જુલાઈએ એક કેથોલિક ચર્ચમાં ૧૦૦ લોકો હાજર હતા ત્યારે ઈસ્લામિક સ્ટેટ સાથે જોડાયેલા 'એલાઈડ ડેમોક્રેટિક ફૉર્સ'ના ત્રાસવાદીઓએ આક્રમણ કરીને ૪૩થી ૫૦ જણાને મારી નાખ્યા. ૧૩ ઘાયલ થયા.

૨૭ ઑગસ્ટે અમેરિકાના મિનેપૉલિસમાં આવેલા કેથોલિક ચર્ચ અને શાળામાં એક ટ્રાન્સજેન્ડર સ્ત્રી (પુરુષમાંથી સ્ત્રી બનેલા)એ ગોળીબાર કરતાં ત્રણ માર્યા ગયા હતા અને ૨૧ ઘાયલ થયા હતા. તેણે કેથોલિકને ધિક્કારના પરિણામે આ આક્રમણ કર્યું હતું.

વિચાર કરો. તમે એલજીબીટીક્યૂના આવા ત્રાસવાદી અપરાધો વિશે ગૂગલ કરશો તો આવા બનાવો તમને જોવા જ નહીં મળે. એન્ટોનિયો ગ્રામસ્કી અને જ્યૉર્જિ લ્યુકાસ જેવા વામપંથીઓએ જે કલ્ચરલ માર્ક્સિઝમના નામે કલ્ચરલ ટેરરિઝમની થિયરી બનાવી અને અમેરિકાની કૉલંબિયા યુનિવર્સિટીમાં તે પહોંચી, અને તે પછી સમગ્ર વિશ્વમાં, તેના પરિપાક રૂપે આજે સ્ત્રીઓ પ્રેમી સાથે મળી પતિની હત્યા કરી રહી છે. લિવ ઈન રિલેશનશિપમાં હત્યાઓ થઈ રહી છે. કિન્નરોમાં અંદરોઅંદર પૈસા માટે લડાઈ થઈ રહી છે- હત્યા થઈ રહી છે. અને આ ટ્રાન્સજેન્ડર, લેસ્બિયન, ગે સમુદાય દ્વારા હત્યા ઉપરાંત બાળકોનું માનસ દૂષિત કરી નાખી તેને ક્યાંયનો નથી રહેવા દેવાતો, તે અલગ. ઈલોન મસ્કે તેનો દીકરો ઝેવિયર લિંગ પરિવર્તન કરી વિવિયાના નામની છોકરી બની ગયો તેને પોતાના દીકરાની આ વામપંથીઓ દ્વારા હત્યા ગણાવી હતી.

૮ સપ્ટેમ્બરે તુર્કીના બાલ્કોવામાં ઈસ્લામિક સ્ટેટથી પ્રેરાયેલા એક ૧૫ વર્ષના મુસ્લિમ કિશોરે પોલીસ મથક પર ગોળીબાર કર્યો અને ત્રણ પોલીસ અધિકારીઓને મારી નાખ્યા. તેણે આક્રમણ પહેલાં પૉસ્ટમાં લખ્યું હતું, "હું ટૂંક સમયમાં જ આત્મઘાતી આક્રમણ કરીશ અને ઈન્શાલ્લાહ શહીદ (શહીદનો અર્થ દેશ માટે નહીં, પરંતુ ઈસ્લામ માટે લડીને મૃત્યુને ભેટનાર થાય છે) બનીશ." મુસ્લિમ દેશોના તારણહાર થવા મથતા રીકેપ તય્યીપ ઍર્દોગનના મુસ્લિમ બહુલ તુર્કી દેશમાં પણ આવું ત્રાસવાદી આક્રમણ મુસ્લિમ કરે છે !

ગત ૧૦ નવેમ્બરે દિલ્લીમાં લાલ કિલ્લા પાસે ઉમર મોહમ્મદે કાર બૉમ્બ ચલાવી ૧૫ને મારી નાખ્યા. ઉપરાંત ગુજરાતમાંથી ત્રણ મુસ્લિમ ત્રાસવાદીઓ પકડાયા તેઓ જો રાયસિન ઝેર પાણીમાં ભેળવી દેવાના તેમનાં ષડયંત્રમાં સફળ થયા હોત તો કેટલી પ્રાણહાનિ થઈ હોત તે કલ્પવું મુશ્કેલ છે !

આમ, આ એક જ વર્ષમાં અમેરિકાથી લઈને ભારત અને ઑસ્ટ્રેલિયા સુધી બધે જ ત્રાસવાદી આક્રમણો થયા છે. અને મુસ્લિમ ત્રાસવાદીઓ માટે યહૂદી, હિન્દુ, ખ્રિસ્તી બધા જ શત્રુ છે.

ભારત ઓછામાં ઓછાં છેલ્લાં બત્રીસ વર્ષથી ગાંગરી-ગાંગરીને વિશ્વને ઈસ્લામિક ત્રાસવાદ સામે ચેતવણી આપતું રહ્યું છે. પરંતુ આ ચેતવણી બહેરા કાને જ અથડાતી રહી છે. અમેરિકા પોતે તેનો ભોગ બની રહ્યું છે. ૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧માં મોટા પાયે બન્યું અને તે પછી પણ અનેક આક્રમણો ત્યાં થઈ ચૂક્યા છે. ત્યાં ડેમોક્રેટ દ્વારા ઘૂસણખોરોને 'અનડૉક્યૂમેન્ટેડ ઈમિગ્રન્ટ્સ' કહીને તેમને સરકારી લાભો આપવા લાગતા મુસ્લિમોની જનસંખ્યા વધી રહી છે. ન્યૂ યૉર્કમાં તો ઝોહરાન મમદાની જેવો કટ્ટર વ્યક્તિ મેયર તરીકે ચૂંટાઈ આવ્યો છે. લંડનને પણ લોકો લંડનિસ્તાન તરીકે ઓળખવા લાગ્યા છે. જર્મની, ફ્રાન્સ, ઑસ્ટ્રિયા, સ્વીડન, ડેનમાર્ક, નેધરલેન્ડ્સ બધે જ આ સ્થિતિ છે. પરંતુ આ બધે લિબરલ સરકારોએ એવા કાયદા બનાવી નાખ્યા છે કે હજારો નિર્દોષ ભલે મરે પરંતુ મુઠ્ઠીભર ત્રાસવાદીઓનાં નામો જાહેર નહીં કરવાના. તેમનો ત્રાસવાદ ફેલાવવાનો હેતુ જાહેર નહીં કરવાનો.

ભારત સહિતનું મીડિયા પણ તેમના માટે 'ગનમેન', સસ્પેક્ટેડ ટેરરિસ્ટ (શંકાસ્પદ ત્રાસવાદી) લખે છે ! તેના બચાવમાં આર.જે. (રેડિયો જૉકી) સાયમા અને પત્રકાર આરફા ખાનમ શેરવાની જેવા આવી જાય છે. સાયમાએ કહ્યું કે જિહાદનો અર્થ સંઘર્ષ થાય છે. બોલો ! તો બહેન, આ અર્થ મુસ્લિમ ત્રાસવાદીઓને સમજાવ. આરફાએ ત્રાસવાદીઓને ઈસ્લામિસ્ટ ગણાવ્યા અને કોઈ કટ્ટરવાદીએ ટીકા કરી તો સ્પષ્ટતા કરી કે ઈસ્લામિસ્ટ અને ઈસ્લામિક જુદા છે!

ભારતની વાત કરીએ તો, પાકિસ્તાન ૧૯૭૧માં ભારત સામે યુદ્ધ હાર્યું ત્યારથી ઝિયા ઉલ હકે સૈન્ય થિયરી બનાવી જેનો ઉલ્લેખ 'ધૂરંધર' ફિલ્મમાં પણ આવે છે કે : **Bleed India by a thousand cuts.** અર્થાત્ ભારતને હજાર જગ્યાએ ઘા મારો. લોહીલુહાણ કરી દો.

અત્યાર સુધી ભારત અને વિશ્વમાં અન્યત્ર ત્રાસવાદી આક્રમણો માટે આપણે પાકિસ્તાનને દોષ દેતા આવ્યા છીએ, પરંતુ

આજે એ સ્થિતિ થઈ છે કે ભારતમાંથી આતંકવાદીઓ પકડાઈ રહ્યા છે ! સિડનીના બૉન્ડી દરિયાકાંઠે આક્રમણ કરનાર સાજિદ અક્રમ હેદરાબાદનો નીકળ્યો ! અત્યાર સુધી આપણે પાકિસ્તાનને ત્રાસવાદની નિકાસ કરનાર દેશ કહેતા હતા, પરંતુ શું હવે આપણે એ નથી બની રહ્યા ને? એ વિચારવાનો સમય પાકી ગયો છે.

તેલંગાણામાં અસદુદ્દીન ઓવૈસી જેવા કટ્ટરવાદીના ઑલ ઈન્ડિયા મજલિસ એ ઈત્તેહાદુલ મુસલમીનનું વર્ચસ્વ છે. અસદુદ્દીન પોતે પણ કટ્ટરવાદી ભાષણો આપે છે. તેનો ભાઈ અકબરુદ્દીન તો એમ ચેતવણી આપે કે ૧૫ મિનિટ માટે પોલીસ હટાવી લો. તમે (હિન્દુઓ) ૧૦૦ કરોડ છો અને અમે ૨૫ કરોડ. અમે બતાવી દઈશું કે કોણ શક્તિશાળી છે. (અને તમે આપણા ન્યાયતંત્રની બલિહારી જુઓ કે, ન્યાયતંત્રને આ ભાષણ ઘૃણાજનક ન લાગ્યું અને અકબરુદ્દીનને નિર્દોષ છોડી મૂક્યો ! પરંતુ નુપૂર શર્મા પુસ્તકમાં ટાંકેલી વિગત બોલે તોય ન્યાયતંત્ર તેમની સામે આકરી ટીપ્પણી કરે છે.)

સ્વયં તેલંગાણાના કૉંગ્રેસી મુખ્ય પ્રધાન રેવંત રેડ્ડી એમ કહે છે કે કૉંગ્રેસ અર્થાત્ મુસ્લિમ અને મુસ્લિમ અર્થાત્ કૉંગ્રેસ. તેઓ હિન્દુ દેવી-દેવતાઓ વિશે પણ અપમાનજનક વાત કરે છે. હૈદરાબાદ હોય કે કેરળ, ગુજરાત હોય કે ઉત્તર પ્રદેશ, ઠેરઠેર આ ત્રાસવાદી માનસિકતા પહોંચી ગઈ છે. મુર્શિદાબાદમાં વક્ફ બૉર્ડ અધિનિયમનો વિરોધ કરવો હોય તો શાંતિપૂર્વક કૂચ કાઢીને કરી શકાય, પરંતુ હિન્દુઓને નિશાન બનાવાય છે. ક્રૂર શાસક ઔરંગઝેબની કબર હટાવવાના વિરોધમાં નાગપુરમાં હિન્દુઓને નિશાન બનાવાય છે. આવા તો અનેક કિસ્સા છે. તેનો ગ્રંથ બની શકે. તાજેતરમાં પ. બંગાળમાં ધારાસભ્ય હુમાયૂં કબીરે મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદની આધારશિલા મૂકી દીધી ! તૃણમૂલે તેમને કાઢી મૂક્યા. આથી હુમાયૂં કબીરે મમતાને હરાવવા પ્રતિજ્ઞા કરી. રાજકીય નિષ્ણાતો કહે છે કે આ બાબત ભાજપને ફાયદો કરાવશે. બની શકે કે પ. બંગાળમાં મમતાના મતો તૂટે. જે કામ ઓવૈસી બંગાળમાં ન કરી શક્યા તે કામ હુમાયૂં કબીર કરી જાય, પરંતુ નુકસાન ભારતને થશે. કટ્ટરતા વધશે તેટલા વધુ ત્રાસવાદીઓ ભારતમાં પાકશે. તેટલા વધુ હિન્દુઓ, ખ્રિસ્તીઓ, યહૂદીઓ અને બૌદ્ધ તેના ભોગ બનશે. તે વાત રાજકીય પક્ષોએ સમજવી જોઈશે.

મત માટે મુસ્લિમોનું તુષ્ટિકરણ અને તેની સામે હિન્દુઓને ડરાવેલા રાખીને આવા કટ્ટરોને છૂટા ફરવા દઈને મત મેળવવાનો પ્રયત્ન આ બંને બાબતો સમાન રૂપે દેશ માટે જોખમી છે. હજુ જો ન સમજાય તો પૂછો અમેરિકાની 'ઍક્ટ ફૉર અમેરિકા' સંસ્થાની સ્થાપક બ્રિજીટ ગેબ્રિયલને.

'બીકૉઝ ધેય હેટ' અને 'ધેય મસ્ટ બી સ્ટૉપ્ડ' જેવાં બેસ્ટ સેલર પુસ્તકો લખનાર બ્રિજીટ લેબેનોનનાં વતની છે, ખ્રિસ્તી છે. લેબેનોન એક સમયે ખ્રિસ્તી બહુલ હતું, બેરુત 'મધ્ય પશ્ચિમના પેરિસ' તરીકે ઓળખાતું હતું પરંતુ પેલેસ્ટાઈનના શરણાર્થીઓને આવવા દઈને તેને મુસ્લિમ બહુલ બનાવી દેવાયું અને તે પછી ખ્રિસ્તીઓનું જીવવાનું દુષ્કર થઈ ગયું. ૧૯૭૫થી ૧૯૯૦ વચ્ચે ગૃહયુદ્ધ ફાટી નીકળ્યું. યહૂદી વિરોધી હિઝબુલ્લાહનું ગઢ બની ગયું. બ્રીજિટના ઘર પર પણ મુસ્લિમોએ બૉમ્બમારો કર્યો હતો. ૧૧ જ વર્ષની ગ્રેબિયલે તેના પિતાને પૂછ્યું, "આ લોકો આપણને શા માટે મારવા માગે છે?" તેના પિતાએ કહ્યું, "કારણ કે તે લોકો આપણને 'કાફીર' ગણે છે." તેમને ભૂગર્ભમાં આશ્રય લેવો પડ્યો. બ્રીજિટના પિતાને એમ હતું કે ખ્રિસ્તી દેશો લેબેનોનની સહાયે આવશે, પણ કોઈ ન આવ્યું. બીજાં સાત વર્ષ બ્રીજિટનો પરિવાર સંતાતો-સંતાતો જીવતો રહ્યો. તેમની આસપાસ પેલેસ્ટાઈની મુસ્લિમો હતા. બ્રીજિટની કિશોરાવસ્થા ભયની વચ્ચે જ પસાર થઈ. ઈ.સ. ૧૯૮૨માં એક ખ્રિસ્તીએ બ્રીજિટના પરિવારને ચેતવણી આપી કે મુસ્લિમો તેમને છોડશે નહીં. આથી બ્રીજિટના પરિવારે નક્કી કર્યું કે જ્યારે આવું બનશે ત્યારે આપણે તેમનું ધ્યાન ભટકાવશું અને તમે ઈઝરાયેલ ભાગી જજો. ઈઝરાયેલ ત્યાંથી પાંચ કિલોમીટર જ દૂર હતું.

એ દિવસ પણ આવી ગયો. બ્રીજિટ અને તેની માતા ભાગ્યા. લેબેનોનના એમ્બ્યુલન્સ ડ્રાઈવરે ઈઝરાયેલની સીમા સુધી છોડવાના પૈસા લીધા પણ ત્યાંથી યહૂદી ડ્રાઈવરે તેમને ઈઝરાયેલી હૉસ્પિટલ સુધી છોડવાનો એક પણ પૈસો લીધો નહીં ! તેણે કહ્યું કે "તમારા માટે આ નિઃશુલ્ક સેવા છે." બ્રીજિટ ગેબ્રિયલ, એક ખ્રિસ્તી છોકરી, નોંધે છે કે ઈઝરાયેલી ડૉક્ટરોએ ઈજા જોઈને સારવાર કરી, પંથ જોઈને નહીં. બ્રીજિટને થયું કે લડાઈ અમારા દેશમાં છે અને ઈઝરાયેલીઓ લડે છે. હૉસ્પિટલમાં ગુજરેલાં ત્રણ સપ્તાહે બ્રીજિટનું જીવન અને દૃષ્ટિકોણ બદલી નાખ્યો. તે ૧૯૮૪માં ઈઝરાયેલમાં સમાચાર વાચિકા બની. ૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧ના અમેરિકા પરના ત્રાસવાદી આક્રમણે બ્રીજિટને અનુભૂતિ કરાવી કે તેને જે સમસ્યા લેબેનોનની લાગતી હતી તે હવે વૈશ્વિક છે. આથી તેણે 'ઍક્ટ ફૉર અમેરિકા' નામની સંસ્થા સ્થાપી જેના ૧૭ લાખ સભ્યો છે.


jaywant.pandya@gmail.com


# શબ્દ, ચારિત્ર્ય અને વ્યક્તિત્વ પારદર્શિતા

રાજકીય રસધાર

પ્રવીણ માધાણી


૧૮૬૩ની ૧૯મી નવેમ્બરે અમેરિકન આંતરવિગ્રહ દરમિયાન લિંકને ગ્રેટીસબર્ગમાં એક એક ટૂંકું ભાષણ આપ્યું હતું, લગભગ બે મિનિટનું... " સત્યાશી વર્ષ પૂર્વે આપણા રાષ્ટ્ર વિધેયકોએ આ ખંડ પર એક નવું રાષ્ટ્ર નિર્માણ કર્યું જેનો ધ્યેય સ્વતંત્રતા હતો. અને ઈશ્વરે સૌને સમાન સરજ્યા છે એ સિદ્ધાંતને વરેલું હતું..... આજે આપણે અહી જે બોલીએ તેની દુનિયા ભાગ્યે જ નોંધ લેશે કે ઝાઝો સમય યાદ રાખશે....." અમેરિકા ઉભું થયું અને આંતરવિગ્રહ જીત્યો. ૧૮ જૂન ૧૯૪૦ના રોજ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ચર્ચીલે હાઉસ ઓફ કોમન્સમાં કહ્યું "આપણે દરિયા અને મહાસાગર પર લડશું અને આપણા દેશને કોઈ પણ કિંમતે બચાવશું. આપણે દરિયાકાંઠે અને મેદાનોમાં, ખેતરો અને શેરીઓમાં અને પર્વતો પર લડીશું. આપણે ક્યારેય શરણાગતિ નહિ સ્વીકારીએ." ઈંગ્લેન્ડ લડ્યું અને વિજેતા બન્યું. આ બધી એ ભાષા હતી જેણે તવારીખ બનાવી હતી, પ્રજાજીવનમાં પ્રાણ ફૂંક્યા હતા. જાહેરજીવનમાં શબ્દ મહાત્મય રાખે છે. હજારો લાખોની મેદની સમક્ષ નેતા દ્વારા બોલાયેલા શબ્દો વધુ વજન ધરાવે છે. શબ્દોની તાકાતથી આગેવાન ભાંગેલી પ્રજાને બેઠી કરી શકે છે. આ બંને નેતાઓએ જે બોલ્યું એ કરી બતાવ્યું અને અમેરિકા અને ઈંગ્લેન્ડને તાત્કાલિક સંકટોમાંથી બહાર લાવ્યા.

એલફેલ બોલતો, કોઈપણ આધાર પુરાવાઓ વિના દેશની કોઈપણ સંવૈધાનિક સંસ્થા કે પદ પર આક્ષેપો કરતો અને એ બોલવા પર વારેવારે જ્યાં ત્યાં માફી માંગતો નેતા વધુ સમય જનતાની નજરમાં ઉંચું સ્થાન ધરાવી રાખી શકતો નથી. સાદી ભાષામાં આને કહેવતમાં ઢાળીને કહીએ તો 'થૂંકીને ચાટવા' જેવો શબ્દપ્રયોગ કરવામાં આવે છે. જેના નિવેદનો દુશ્મન દેશની પાર્લામેન્ટમાં ભારત વિરુદ્ધનું સ્ટેન્ડ લેવામાં ઉપયોગમાં લેવામાં આવતા હોય એ નેતાને એ દુશ્મન કક્ષાનો જ ગણવો. ભારતના ઘણા નેતાઓના નિવેદનો પાકિસ્તાનની પાર્લામેન્ટમાં ચર્ચાય છે અને કહેવામાં પણ આવે છે કે ભારતની પાર્લામેન્ટમાં આપણા (પાકિસ્તાનના) માણસો બેઠા છે. ભારતીય નેતાઓના આ નિવેદનો એમના ચરિત્રને ઉજાગર કરે છે. દેશના વડાપ્રધાનથી લઈને દેશની દરેક સંવૈધાનિક સંસ્થાઓને ગાળો બોલવી અને અમે સત્તા પર આવશું તો આમતેમ કરી નાખશું જેવું ધમકીઓ આપવી એમનું માનસિક સ્તર દર્શાવે છે. કોઈપણ જાતની વિધેયાત્મક રાજનીતિ વિના પક્ષ કેટલો સમય અસ્તિત્વ ટકાવી શકે છે, એ સમયનો સવાલ છે. ભારત જેવા વિશ્વની સૌથી મોટી લોકશાહી દેશમાં રાષ્ટ્રીય જાહેર વ્યક્તિત્વ હોવું ચોક્કસ શિસ્ત અને આચરણની પૂર્વશરત માંગી લે છે. આમાં શબ્દો અભિપ્રેત છે. સત્તામાં રહીને કે વિપક્ષમાં બેસીને જ્યારે કોઈ આવડા મોટા જન સમુદાયનું પ્રતિનિધિત્વ કરે છે ત્યારે એમની પાસેથી ઘણી બાબતો અપેક્ષિત હોય છે. સંસદમાં સિગરેટ ફૂંકતા સાંસદો, મીડિયા સામે શબ્દોનો વિવેક ચૂકી જતા નેતાઓ, વિરોધમાં આંધળા બનીને એકબીજાને ગાલીગલોચ કરતા નેતાઓ કે કાર્યકર્તાઓ, ટીવી ડીબેટમાં માનસિક સંતુલન ખોઈને અભદ્ર વર્તન કરતા પક્ષ પ્રવક્તાઓ, બધા આપણી પાકટ લોકશાહીના અપરિપક્વ ફળો છે, જેને પાકી જવાની ઉતાવળ છે. તેઓ એમને મળેલો જનાદેશ આવા વાણી વર્તનથી સતત ખોટો ઠેરવતા રહે છે. આ બધા કોઈ એડવાન્ટેજ લઈને એ જગ્યાએ પહોંચી ગયેલા છે. એ ચૂંટાયેલ છે, એમાં કોઈ તકરીર નથી. પણ એ જગ્યાનું ગૌરવ જાળવી રાખવામાં નિષ્ફળ ગયેલા છે. ઓથેલો નાટકનું પાત્ર ઈયાગો જેમ ધ્યેયહીન દુર્જન હતો, એમ આ બધા ધ્યેય સાથેના દુર્જનો છે. કોઈપણ પક્ષ કે વ્યક્તિની રાજકીય સફળતા માપવાનું એકમાત્ર પરિમાણ છે, જનાદેશ. જ્યાં સુધી જનતા પસંદ કરતી આવે છે, ત્યાં સુધી એ સત્તામાં રહેશે, કોઈપણ રાજકીય વિરોધી તેને ઉખાડી નહિ શકે. પણ જનતાની આંખ ફરશે, એ નેતાનું ભવિષ્ય ફરશે. દરઅસલ દેશના ઘણા બૌદ્ધિકોના માટે ભારતનો ઈતિહાસ ચોક્કસ તારીખોથી જ શરુ થાય છે. જ્યારથી તેમના આકાઓ સત્તા પર આવ્યા ત્યારથી ભારતીય લોકશાહીના મૂલ્યો સંવૃદ્ધ થયા છે. ત્યારબાદ જે બન્યું એ બધું ભારતીય લોકશાહીનું કલંક છે એમ એમનું અને એમના આકાવર્ગ નેતાગીરીનું માનવું છે. આટલો લાંબો સમય સુધી સત્તાથી દુર રહેવું પડશે અને સ્થાનિકથી લઈને રાષ્ટ્રીય બંને સ્તરે જનાદેશનું આટલું મોટું ધોવાણ થતું જશે એ એમની કલ્પના બહાર હતું. એમના પોતાના અને કાર્યકર્તાઓના અપશબ્દો આ હતાશાનું પરિણામ છે. વિદેશોમાંથી જનાદેશ એકઠો નહિ થઈ શકે, વડાપ્રધાનને ગાળો બોલવાથી જનાદેશ એકઠો નહિ થઈ શકે, ઘૂસપેઠની પેરવી કરીને સંસદ છોડીને ભાગી જવાથી જનાદેશ નહિ મળે, સંસદના ચાલુ સત્રથી ગાપચી મારીને વિદેશ ભાગી જવાથી જનાદેશ સરતો જશે. હવે એ સ્થિતિ કદાપી નથી કે તમે કરેલા કારનામાઓ ફાઈલમાં દબાઈને રહી જશે. દેશ સંસદ લાઈવ જુએ છે. નેતાના શબ્દો અને કામને પોતાની વિવેકબુદ્ધિથી તોળતો રહે છે. વિશ્વના સૌથી ઝડપથી ગ્રોથ કરતા દેશના અર્થતંત્રને 'ડેડ ઈકોનોમી' કહેવાથી મત નથી મળી જવાના. દેશનો પ્રબુદ્ધ નાગરિક તમારા આવા તર્કહીન નિવેદનોનો ગંભીર અર્થ લઈ રહી છે. નેતાની હરકતો ઉપર જ્યારે રાજકીય વિરોધીઓની સાથે સાથે આમ જનતા પણ શંકા કરવા લાગે ત્યારે એના ભવિષ્ય પર સવાલો લાગવા સ્વાભાવિક છે. વ્યક્તિત્વની પારદર્શિતા જાહેરજીવનની સફળતાનો સૌપ્રથમ માપદંડ છે.

ક્વિક નોટ - ગાંધીજીને ગોળી વાગી અને બાપુના છેલ્લા શબ્દો હતા " હે રામ", બાપુ જેવું જીવ્યા હતા એવા અંતિમ ઉદ્ગાર એમની જીભે આવી ગયા. પાકિસ્તાનના પહેલા વડાપ્રધાન લિયાકત અલીખાનને ગોળી વાગી અને લિયાકત અલીખાનના છેલ્લા શબ્દો હતા "ગોલી લગ ગઈ...". હિન્દુસ્તાન આજે "હે રામ" અને "ગોલી લગ ગઈ" વચ્ચે અસમંજસમાં છે.


production@infiniumpharmachem.com


# કેવી સ્પર્ધામાં ભાગ ન લેવાય?

હાસ્યાય નમઃ

ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧) મૃત્યુ પછીની દુનિયા કેવી હશે?
રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)
એમાં મૃત્યુનો ભય નહી હોય.

(૨) મારે આખી દુનિયામાં ડંકો વગાડી દેવો છે. તો શું કરવું?
નીરવ ડણાંક (અમરેલી)
પહેલા નિશાળમાં રીસેસ પૂરી થાય ત્યારે બેલ વગાડતા શીખી જાઓ.

(૩) પ્યાર ચાહીએ કિ પૈસા ચાહીએ?
ધીરુભાઈ પટેલ (અમદાવાદ)
બેય આવવા દો તમતમારે.

(૪) કાનને ચશ્મા હોય?
ના, એટલે તો એ આંખના ચશ્માની દાંડી પકડી રાખે છે!

(૫) ગાંધીજી અને તમારા વચ્ચે કોઈ સમાનતા ખરી?
ઉન્નતિ મહેતા (રાજકોટ)
હા, અમને બન્નેને પુરણપોળી બહુ ભાવે!

(૬) સેલ્ફીને ગુજરાતીમાં શું કહેવાય?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)
સ્વયંછબી!

(૭) હનુમાનજીના ભાઈનું નામ લખો.
બાલુભાઈ કિકાણી (લીલિયા મોટા)
ભગવાન શ્રીરામે હનુમાનજીને કહ્યું હતું કે તુમ મમ પ્રિય ભરત સમ ભાઈ!

(૮) **SIR** કામગીરી ચાલતી હતી ત્યારે તમને ટેન્શન આવી ગયું હતું કે નહિ?
રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)
એટલે જ કહું છું કે અંગ્રેજીમાં સર બોલવાને બદલે ગુજરાતીમાં સાહેબ બોલવાનું રાખો.

(૯) કેવી સ્પર્ધામાં ભાગ ન લેવાય?
ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)
આપણી લાગવગ ન ચાલે એવી!

(૧૦) માણસને ગુસ્સો ક્યારે આવે..?
ધોરાજીયા ચંદ્રકાન્ત એન. (સાજણટીંબા)
કોક આવો સવાલ પૂછે ત્યારે!

(૧૧) સાહેબ..! પહેલા માસ્તર મુછો કેમ રાખતા..?
ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)
નોકરી કરતા એ ગામમાં જ રહેતા હતા એટલે!

(૧૨) કોઈ પ્યાલીમાં ભરીને પીરસે ત્યારે પાણીની જેમ ભૂલથી ચા પણ ઊંચેથી પીવાઈ જાય છે. શું કરવું?
કનુભાઈ પરમાર (દામનગર)
પ્યાલી પર લખી નાખો કે આ ચા છે અને એને મોઢે માંડવાની છે!

(૧૩) ઠંડી કેમ ઓછી પડે છે. જણાવશો ?
મુસ્તુફા કનોજિયા (રાજુલા)
થોડું વહેલાં ઉઠવાનું રાખો. દસ વાગે તો ઓછી જ લાગે.

(૧૪) જીવન સંધ્યાટાણે ગોઠણના દુઃખાવા કેમ થાય છે?
ડાહ્યાભાઈ આદ્રોજા (લીલિયા મોટા)
મગજનો દુખાવો થાકીને નીચે ઉતર્યો હોય.

(૧૫) તાપણાં અને આપણાં બન્ને વચ્ચે શું ફરક?
હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)
નવા ઉજળા અને જૂના ઉજળા જેટલો.

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# જિંદગી ઔર કુછ ભી નહિ... તેરી મેરી કહાની હૈ



સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

લગભગ દરેક દંપતીના પ્રયત્નો હોય છે કે તેમનું જીવન નવલકથા જેવું ન બને. સુગમ અને સરળ. શાંત પ્રવાહે વહેતી જીવનધારા દામ્પત્યમાં અનુભવવાની સહુને ઝંખના હોય છે પરંતુ બધાને એ સુખ ઉપલબ્ધ નથી. આજે યુગ કેટલો બદલાઈ ગયો છે એમ આપણે કહીએ છીએ પરંતુ યુગ કદી ક્યાં સ્થગિત રહે છે ? રાજા રામ મોહનરાયના જમાનાનો વિચાર કરો જ્યારે સતી થવું ફરજિયાત હતું. એટલે કે ગમે તેવો ત્રાસ આપનારા પતિના અંતિમ પ્રયાણે સ્ત્રીએ પોતાની જિંદગીની આહુતિ આપી દેવાની. હવે સ્થિતિ એવી છે કે ભૂલમાં ઈન્ટરવલમાં મહિલાઓના બાથરૂમમાં કોઈ સજ્જન પુરુષ જાય અને એને ખ્યાલ આવે ને તરત એ પાછો ફરવા જાય ત્યાં સુધીમાં તો ફિલ્મમાં હોય એથી અધિક સનસનાટી મચે અને પોલીસ આવ્યા સિવાય પેલા ભૂલકર્તાનું લોકતાડન બંધ ન થાય. એનો તો જાણે નરકમાં જ પગ પડી ગયો એ દશા થાય. ત્યાં પછી સજ્જનતાના કોઈ ત્રાજવા કામ કરતા નથી. આજે પણ દુનિયાના નેવું ટકા કિસ્સાઓમાં સ્ત્રી - પુરુષ જંગમાં પુરુષને જ અપરાધી માની લેવામાં આવે છે.

સ્ત્રીઓમાં વ્યાવહારિક બુદ્ધિમત્તા એટલી હોય છે કે એ અઢી પગલાની અશ્વચાલ વિચારીને શતરંજ રમી શકે છે જ્યારે કે પુરુષ ક્યાં તો હાથીની જેમ સાવ સીધો અથવા ઊંટની જેમ સળંગ ત્રાંસો ચાલે છે. સાહિત્ય અને કાયદા-કિસ્સાઓનો ઈતિહાસ ગમે તે કહે પણ રાજાધિરાજ જેવા પુરુષને પાડી દેવો કોઈ પણ નાટ્યકલાયુક્ત સ્ત્રી માટે રમત વાત છે. મહાભારત સ્ત્રીઓની ગુપ્ત મહત્ત્વાકાંક્ષાઓના કેટલાક અજ્ઞાત શિખરોના માનવજાતને દર્શન કરાવે છે અને રામાયણ સ્ત્રીઓના પ્રગટ પરિતાપનો પરિચય આપે છે. આજકાલ દંપતીઓ અને તેમાંય નવદંપતીઓમાં દામ્પત્ય જીવન વિવાદોના ઘેરાવામાં હોય એવા અનેક કિસ્સા અને કેસ સમાજની સપાટી પર આવવા લાગ્યા છે. ગુજરાતના જનજીવનમાં હવે નવપરણિત સ્ત્રીઓની સંઘર્ષ કરવાની તૈયારી ઝિરો ડિગ્રીએ પહોંચી છે. નવી પેઢીની યુવતીઓ બે બાબત સહન કરી શકતી નથી, એક તો અસત્ય અને બીજી વસ્તુ છે નાણાંની તંગી. એટલે એનો અર્થ એ થાય કે લગ્નવાંચ્છુક જે યુવક ઉમેદવાર સત્યપ્રિય અને નાણે સંપન્ન ન હોય તેણે દામ્પત્યની ઈચ્છા જ ન રાખવી.

કેટલાક અદાલતી કિસ્સાઓ પર નજર નાંખતા પહેલી નજરે તો સ્વભાવનો જંગ લાગે અને સ્હેજ ઊંડા ઉતરો એટલે સમસ્યાના કેન્દ્રમાં નાણાં જ દેખાય. જે લોકોએ જિંદગીમાં નાણાં કમાઈ લેવાની પ્રવૃત્તિને અગ્રતાક્રમ આપ્યો નથી તેમને માટે હવે જિંદગીના અનેક મોરચા બંધ થવા લાગ્યા છે. એવા યુવકો કે જેઓ માત્ર ભણતા જ રહ્યા છે તેઓ અનેક ટ્રેન ચૂકી જાય છે અને જેઓ પચીસ વરસના થાય ત્યારે છેલ્લા આઠ-દસ વરસથી ઓછુંવત્તું કમાઈને ઘરને ટેકો કરે છે તેઓનું ક્યાંક ઠેકાણું પડી જાય છે. ઊંધે માથે ભણવાથી જીવન ઘડાય છે એ માન્યતા જુની છે. કમાતા કમાતા જ સોનાનો સૂરજ ઉગે છે એ હકીકત છે. જે દંપતીઓ પોતાના સંતાનોને પંદર વરસની ઉંમરથી કમાતા શીખવતા નથી એ સંતાનો તેમને આગળ જતાં કેવા ભારે પડે છે એના પર વધારાના બે ફકરા લખવા એટલે જરૂરી નથી કારણ કે આસપાસ જ્યાં નજર કરો ત્યાં એવા નાદર નમૂનાઓ જોઈએ તેટલા મળી આવે એમ છે.


**આપણા સમાજના અનેક દંપતીઓનું સહજીવન તો માત્ર એમને સંતાનો હોવાને કારણે ટકી રહ્યું છે નહિતર તો તેઓ ક્યારનાય વિખૂટા પડી ગયા હોય**

સ્ત્રી અને પુરુષની કહાની એક જમાનામાં દેવ અને દેવીની કહાની હતી. પછી એ ગૃહસ્થ અને ગૃહિણીની સુખગાથા બની. મધ્યયુગના અંધકારમાં ધણી અને ધણિયાણી દેખાયા. આધુનિક યુગના પ્રભાતે તેઓ બન્ને પરમ સખા સરીખા સારસ બેલડી તરીકે અભિવર્ધિત થયા. એમાં પ્રણયના અનેક રંગો પુરાયા અને જિંદગીની અખિલાઈની અભિવ્યક્તિ પણ દામ્પત્યને મળી. હવે પતિ અને પત્ની બન્ને એક જ આસને આવી રહ્યા છે, બન્ને પૈસા કમાનારા અને બન્ને ઘર ચલાવનારા બન્યા છે. સદીઓના ફેરા પછી આ મુકામે તેઓ પહોંચ્યા છે. જવાબદારીમાંથી બેમાંથી એકેય વિચલિત થઈ શકે એમ નથી. તેમનું જીવન પ્રથમ પોતાને માટે છે અને પછી જીવનસાથી માટે અને એનીય પછી તેઓનું જીવન તેમના બાળકો માટે છે. એમાં જો કોઈ ખરા દિલથી એક બીજા માટે જીવતા હોય તો તેઓ મધ્યમ માર્ગે છે અને જો તેઓ બન્ને સંતાનોને સમર્પિત હોય તો તે શ્રેષ્ઠ છે. ગુજરાતની વડી અદાલતના એક ન્યાયમૂર્તિએ એકવાર એવી ટકોર કરી હતી કે આપણા સમાજના અનેક દંપતીઓનું સહજીવન તો માત્ર એમને સંતાનો હોવાને કારણે ટકી રહ્યું છે નહિતર તો તેઓ ક્યારનાય વિખૂટા પડી ગયા હોય.

જો કે એની સામે બીજી વાત એ છે કે જેમને સંતાનો નથી તેઓ તો કદી વિખૂટા પડવા તૈયાર હોતા નથી. તેઓનો એકબીજા પ્રત્યેનો પ્રેમ એટલો બધો ગાઢ હોય છે કે જાહેરમાં તો તેમણે બહુ પ્રયત્ન પૂર્વક એ સ્નેહ છુપાવવો પડે છે. તેઓ લગભગ એક જ થાળીમાં આરોગે છે. એક રાત પણ તેઓ અલગ રહી શકતા નથી. તેઓ શરીરના આકર્ષણને ઓળંગીને લગભગ અદ્વૈત સ્થિતિની નજીક હોય છે. એમનું અદ્વૈત અસ્તિત્વ હોય છે તો સાંસારિક પણ અધ્યાત્મનેય ભૂલવાડી દે એ કક્ષાનું હોય છે. અરે પ્રતિક્ષણ તેઓ એકબીજાની એટલી બધી સંભાળ રાખતા હોય છે કે જો સસંતતિ દંપતીને નજીકથી એ બધું જોવા મળે તો દંગ થઈ જવાય. નિઃસંતાન દંપતીઓનો પ્રેમ ખરેખર જ વંદનીય હોય છે. આજકાલ જે નવદંપતીઓને એકબીજા પરત્વેના કોઈ બનાવ વિનાના જે અણબનાવ હોય છે તેમણે કોઈક એવા ગાઢ પ્રેમના આશ્લેષમાં જિંદગી વીતાવતા દંપતીની હરપળની આનંદધારા એક વાર નજીકથી જોઈ-જાણી લેવી જોઈએ. પ્રસન્ન દામ્પત્યનું તેઓ પોતે જ એક મધુરતમ રમણીય તીર્થ છે. ■

# ચંદ્રકાન્ત હજુ પણ તેના ઉપરથી દૃષ્ટિને હટાવી શકતો નહોતો




લઘુનવલકથા

યોગેશ પંડ્યા

આનંદ અને કાંતિભાઈ બંને ગયા. ચંદ્રકાન્ત આનંદને જોતો જ રહી ગયો અને પછી વર્તમાનનું ભાન થતાં આવકારો આપતાં બોલી ઊઠ્યો, 'અરે, આવો, આવો.'

આનંદ બેઠો. ચંદ્રકાન્ત હજુ પણ તેના ઉપરથી દૃષ્ટિને હટાવી શકતો નહોતો. આનંદને આશ્ચર્ય થયું તે આચાર્યને તાકી રહ્યો. ઉંમર હશે લગભગ બેંતાલીશ- પિસ્તાલીશ વર્ષની. આનંદને જોઈને રાજી થયો. અડધો-પોણો કલાક વાતો કરી. ઈચ્છા નહોતી છતાંય એમના આગ્રહથી ચા-પાણી પીને આનંદ અને કાંતિભાઈ જવા નીકળ્યા.

'આનંદની ઉંમર નાની છે. તેને સાચવજો.' કાંતિભાઈ ભાવવિવશ થઈ જતાં બોલ્યા.

'એની કોઈ પણ ચિંતા ન કરશો. કાંતિભાઈ. એને તો નાનો ભાઈ જ ગણીશ બસ.'

'તમારું ઋણ હું ક્યે ભવે...''

'રહેવા દો કાંતિભાઈ, એવી કોઈ જ જરૂર નથી.' ચંદ્રકાન્તે એમની પીઠ થપથપાવી. કાંતિભાઈ ગદગદ બની ગયા. પાછા ફર્યા ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. છતાં રાવજીભાઈ જાગતા જ હતા. આનંદ તો પડ્યા ભેગો જ સૂઈ ગયો હતો. વહેલી સવારે પિતાજીએ જગાડયો ત્યારે ઊંઘ ઊડી. પાંચેક જેવું થયું હતું. રાવજીભાઈ અને કંકુબહેન જાગી ગયા હતા. રૂપાને શોધવા આનંદની બ્હાવરી આંખો આમતેમ ફાંફાં મારતી રહી, પણ ક્યાંય રૂપા ન દેખાઈ. અચાનક તેની આંખો સામે એક ઢાળિયામાં ગઈ. રૂપા વાસીદું કરી રહી હતી.

કાંતિભાઈ દાતણ-પાણી કરી અને નાહી-ધોઈને તૈયાર થઈ ગયા. સવારના છ વાગવા આવ્યા હતા. તેણે રાવજીભાઈની રજા માગી અને ચાલતા થયા, પણ અચાનક કંઈક યાદ આવતું હોય એમ રૂપાને સાદ પાડીને બોલાવી. રૂપા આવી. તેના હાથમાં સો રૂપિયાની એક નોટ મૂકી દેતાં તેમણે કહ્યું, 'લે દીકરી, તારા ભાગના'...'

'અરે, એવું ન હોય.' રાવજીભાઈ આગળ આવતા બોલી ઊઠ્યા, 'તમે તો બ્રાહ્મણ દેવતા. ભૂદેવ! તમને તો આપવાના હોય કાંતિભાઈ, અમને શરમાવો નહીં.'

'ના, ના રાવજીભાઈ આ ક્યાં તમને આપું છું. ? હું તો રૂપાને આપું છું. દીકરી ગણીને આપું છું.' કાંતિભાઈ હસી પડ્યા, 'હવે ના નહીં પાડતા નહીંતર મને દુઃખ લાગશે.'

રાવજીભાઈ તેમની લાગણીને ઠેલી ન શક્યા. સવા છ થઈ ગયા હતા. સાડા સાત પોણા આઠે ગાડી આવતી હતી.

'ઠીક લ્યો ત્યારે રામરામ રાવજીભાઈ. વધુ તો નથી કહેતો પણ....'

'આનંદભાઈની કોઈ ચિંતા ન કરશો. આ જુઓ, પેલો મેડો છેને ? એ જ એમનો ઉતારો અને અહીં આપણા ઘરે ખાઈ-પીને દે ધુબાકા..! તમતમારે છાતી માથે હાથ રાખીને સૂઈ રહેજો, બસ. હું એને દીકરો ગણીને જ રાખીશ.'

કાંતિભાઈની આંખો ડબડબી ગઈ. ભલે ગમે એમ પણ એકના એક દીકરાને એક અજાણ્યા ગામમાં છોડવાનો હતો. આંખો ભીની હતી. એ વધુ બોલી ન શક્યા. રાવજીભાઈને બન્ને હાથ જોડીને પછી ચાલતા થઈ ગયા. આનંદ અડધે સુધી વળાવવા ગયો.

'બસ હવે તું તારે નીકળ. હું ચાલ્યો જઈશ.' કાંતિભાઈએ કહ્યું અને પછી તેમણે ભીની- સ્નિગ્ધ નજરે એક વાર પુત્રને જોઈ લીધો ને પછી સ્ટેશન તરફ ચાલતા થઈ ગયા. આનંદ ક્યાંય લગી ઊભો રહ્યો અને પિતાજીની પીઠને તાકી રહ્યો. પિતાજી ધીરે ધીરે નજરથી દૂર દૂર થતા ગયા અને હવે પિતાથી છૂટા પડયાનું દુઃખ તેને ઘેરી વળ્યું, પણ પછી હૈયું કઠણ કરીને દર્દને ખંખેરી નાખ્યું અને ગામ તરફ ચાલતો થયો!

ઘરે પાછો ફર્યો ત્યારે ગમાણ ખાલી થઈ ગઈ હતી. ફળિયું સૂનું બની ગયું હતું. રાવજીભાઈ અને કંકુબહેન ગાડું જોડીને વાડીએ નીકળી ગયા હતા. તે મેડા ઉપર આવ્યો. ખાટલા પર ગાદલું પાથર્યું હતું. એની ઉપર ભરત ભરેલો ઓછાડ પાથર્યો હતો. પાંગતે એક સફેદ ગોદડું નખાયેલું હતું. ઓશિકાં ગોઠવેલા હતા. પોતાની બેગ ત્યાં જ હતી. ગઈ કાલે વાળુ-પાણી કરીને ચંદ્રકાન્તભાઈને ત્યાં ગયા ત્યારે રૂપાએ બધું ગોઠવી દીધું હતું.

તેની નજર કાંડા પર ગઈ. આઠ જેવું થઈ ગયું હતું. તેણે ઝટપટ દૈનિકક્રિયા પતાવી નહાવાની તૈયારી કરી. બાથરૂમ નીચે હતું. કપડાં અને રૂમાલ લઈને નીચે આવ્યો. ઝડપથી દાદરો ઊતરી બાથરૂમનું બારણું જોરથી ખેંચ્યું પણ ત્યાં જ...

બાથરૂમમાં નહાતી નહાતી રૂપા સડક કરતી ઊભી થઈ ગઈ અને ઝડપથી પીઠ ફેરવી ગઈ!

માત્ર ચણિયાભેર નહાઈ રહેલી અનાવૃત્ત રૂપાએ શરમથી અવળું ફરી હાથ વડે ચહેરો ઢાંકી દીધો, પણ એ પહેલા બંનેની નજર અરસપરસ ટકરાઈ ગઈ હતી. આનંદ વળતી જ ક્ષણે બારણું બંધ કરીને મેડા ઉપર દોડી આવ્યો,

..ઓહ! રૂપાની કુંવારી પીઠ તેની આંખોમાં સમાઈ ગઈ હતી. એ સિવાય પણ ઘણું બધું આનંદની આંખોમાં સમાઈ ચૂક્યું હતું. તેણે આંખો બંધ કરી દીધી તો તેની બંધ આંખોમાં ઊપસી આવી હિમાલયના બરફ ઉપર સૂર્યના વહેલી સવારના પારદર્શક રતુંબલ કિરણોના પ્રતિબિંબથી રચાતી કસુંબલ રંગોળી જેવી કોમળવરણી એ મુલાયમ પીઠ અને એ સુંવાળી પીઠ પર પાણીના બિંદુઓ લસરી રહ્યા હતા એવી એની સંઘેડાઉતાર કાયા અને ભીંજાયેલું યૌવન!!

લગભગ અડધા કલાક પછી આનંદે નીચે જોયું, ચોરી છૂપીથી. રૂપા નહાઈને બાથરૂમમાંથી બહાર આવી ગઈ હતી. આનંદ ઘડીભર તેને તાકી રહ્યો અને પછી હિંમત કરીને નીચે નહાવા જવાનો નિર્ણય કરીને નીચે ઊતર્યો. બિલ્લીપગે. કદાચ, પોતે જાણી જોઈને જ એવું કર્યું હશે. એમ તો રૂપાએ નહીં ધારી લીધું હોયને? મનમાંથી વિચારો દૂર હટતા ન હતા. કોઈ અગોચર ભય તેને ઘેરી વળ્યો હતો, પણ રૂપાને એવું કાંઈ લાગ્યું હોય તો ગુસ્સામાં આવીને કંઈક બોલી ઊઠી હોત એમ પણ આનંદને લાગ્યું.

પોતે વિચારોના ઘેરામાંથી બહાર નીકળવા ઘણુંય મથ્યો. એ ભયને ખંખેરવાનો પ્રયત્ન કરતો રહ્યો, પરંતુ એમાં નિષ્ફળતા જ મળી. ઊલટાનું પેલું દૃશ્ય તેની આંખો સામે તરવરતું જ રહ્યું.!

બાથરૂમમાં જતાં ફરી વાર, પેલા ભયથી ચકાસી જોયું અને પછી ઝટપટ સાબુ શરીર પર ચોળી જલદી જલદી નહાઈને બહાર આવી ગયો. આડુંઅવળું જોયા વગર ટુવાલ પહેરીને સીધો દાદરો જ ચડી ગયો. ભીનાં કપડાં સૂકવવા નાખી, આસન નાખી, બેગમાંથી ધૂપસળીનું પડીકું કાઢ્યું. અંદરથી બે ધૂપસળી કાઢી, પ્રગટાવી. સામેના, ગોખલાના પોલાણમાં દબાવી અને પછી આસન ઉપર પૂર્વ દિશામાં ચહેરો રાખી બેસી ગયો.

ઘેર હતો ત્યાં સુધીમાં તો પૂજાના મંદિર સામે જ સ્નાનાદિથી પરવારીને બેસી જતો. કલાક-દોઢ કલાક સુધી તેના પાઠ ચાલતા, પણ પીટીસી કરતી વખતે સમયના અભાવે બધું છૂટી ગયેલું. પિતાજીએ આ બાબતે સહેજ નારાજગી બતાવીને તેને ટકોર કરેલી. અત્યારે એ તેને યાદ આવી ગયું, ત્યારથી એક પણ દિવસ પાડયો નથી ને તેણે આંખો બંધ કરીને પાઠમાં ધ્યાન પરોવ્યું. મંત્રોચ્ચારનો હળવો, પવિત્ર ધ્વનિ વાતાવરણમાં છવાઈ ગયો.

આમ તો બચપણથી જ સવારમાં ઊઠી, નહાઈ-ધોઈ પૂજાપાઠ પતાવે કે બા ચા તૈયાર રાખતી. એ ટેવ હજી લગી ગઈ નહોતી. પીટીસી કરતી વખતે પણ એ પૂજાપાઠનો નિત્યક્રમ પતાવી ચા પીતો. તેને ચા પીવાની તલબ થઈ આવી. આજે નવ વાગી ગયા છતાં હજુ ચા પીધી નહોતી. તેની વિચારધારા અટકી પડી. કોઈ દાદરો ચડતું હતું. ઝાંઝરનો અવાજ આવ્યો. તેની નજર દાદરા પર ગઈ તો હાથમાં ચાની કીટલી તથા રકાબી લઈ રૂપા દાદરો ચડી રહી હતી.

આનંદ નીચું જોઈ ગયો. રૂપા તેના પગ પાસે જ હળવેકથી કીટલી તથા રકાબી મૂકીને પાછી વળી. આનંદથી એક દૃષ્ટિ એ તરફ નખાઈ ગઈ. રૂપા સુંદર દીસતી હતી. લીલી ચોળીમાંથી દેખાતી તેની ગોરી પીઠ ઉપર પથરાયેલી ભીની ભીની ઝૂલ્ફો અને એની આડેથી દેખાતી ગોરી પીઠ ઉપર આનંદની નજર ચોંટી ગઈ. આનંદ રૂપાના લાવણ્યમાં ખોવાઈ ગયો હતો. દાદરો ઊતરતી, એક હાથમાં કઠેડો પકડી, બીજા હાથમાં સાડીની પાટલી પકડી, પાછું ફરીને ટહુકી ઊઠતાં બોલી, 'કીટલીમાં છે એ બધી જ ચા તમારે માટે જ છે. બીજા કોઈને પીવાની નથી. ગરમ ગરમ છે ત્યાં જ પી લેજો.' કહી સ્મિત કરી ઊઠી. જાણે કંઈ જ ન બન્યું હોય એમ રૂપા બહુ સ્વાભાવિકતાથી આનંદને કહી રહી હતી. તેને ધરપત થઈ જાણે કશું જ બન્યું નથી. હજી હમણાં જ પોતે ચા...ચા કરતો હતો અને ચા આવી ગઈ. તેણે ચા પીધી. તુલસીનાં પાન નાખીને બનાવેલી ચા બેહદ સ્વાદિષ્ટ હતી. બા પછી આ રૂપાના હાથની ચા ભાવી.

બા ઘણી વાર કહેતી, 'બેટા, કોઈને માટે પ્રસન્ન ચિત્તથી બનાવેલી રસોઈ ભલે ઉતાવળે બનાવી હોય છતાં ખૂબ સ્વાદિષ્ટ બને છે અને એ ખાવાથી જઠર તો તૃપ્ત થાય છે, પરંતુ મન પણ સંતૃષ્ટ થાય છે.'

આનંદને થયું ખરેખર બા સાચું કહેતી હતી. હૃદય તૃપ્ત થઈ ગયું હતું. સાડા નવ-દસ જેવું થયું હતું. આજે રવિવાર હતો. કોઈ કામ તો હતું નહીં. આનંદે વિચાર્યું : પોતે કપડાં ધોઈ નાખે તો? એમ વિચારી, લેંઘો- બનિયન પહેરી મેલા કપડાં લઈને તે નીચે ઊતર્યો. આ વાતથી અજાણ રૂપા, અરીસા સામે ઊભી ઊભી માથું ઓળતી ઓળતી ઓરડામાં ગઈ હતી, પણ બાથરૂમમાંથી કપડાં ધોવાનો અવાજ આવ્યો કે એ બહાર આવી. જોયું તો આનંદ કપડાં ધોઈ રહ્યો હતો.

'અરે..' રૂપા નજીક આવતાં બોલી ઊઠી, 'અરે, શું કરો છો તમે? તમે મૂકી દો એ બધું. મારી બાને ખબર પડશે તો મારી ધૂળ કાઢી નાખશે. રહેવા દ્યો. હું હમણાં જ ધોઈ નાખીશ. મારે હજી કપડાં ધોવાનાં બાકી જ છે.'.

'ના, ના. આ તો હું ધોઈ નાખીશ.'

'અરે, પણ તમે...'' કહી રૂપાએ ડોલ ખેંચી લીધી ને હસી પડી, 'નથી સારા લાગતા જરાય.' કહી ડોલ ઓંસરીની કોરે મૂકી દીધી.

આનંદે ઊભા થઈને ડોલ લઈ લીધી અને ફરી પાછો કપડાં ધોવા બેસી ગયો.

'અરે, પણ તમે તો ખરા છો ભૈસાબ! હા કે નામાં કાંઈ ખબર પડે છે કે નહીં?' તે બોલી ઊઠી, 'હાલોને હવે, કોઈ જોઈ જશેને તો હું ભૂંડી લાગીશ.'(ક્રમશઃ) ■

# શાંતુ તો પ્રકૃતિએ કંઈક અલગ પ્રકારે ઘડેલી જીવંત મૂર્તિ હતી



## રાખનાં રમકડાં


ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

ને શાંતુનો અવાજ કાનમાં અથડાતાં મહેશ ફરી ડઘાઈ ગયો. લગભગ તે ધ્રુજવા લાગ્યો. તો પણ તેણે ઝડપથી શાંતુ સામે જોયું. જોયું તો ખરૂં પરંતુ તરત જ તેણે તેની નજર શરમથી નીચે ઢાળી દીધી. થોડા સમય માટે પણ શાંતુ સામે તે નજર મેળવી ન શક્યો. એટલે તો શાંતુ હવે ફરીથી બોલી : ''કેમ.... મહેશ ? સાવ આવું થોડું ચાલે ? હું તો એક સ્ત્રી છું, મારાથી ડરવાનું કે પછી મારાથી આવી રીતે શરમાવાનું નહીં, સમજ્યો ? આમ જુવાન છોકરો થઈને તું શરમાય તો પછી આગળ જતાં મારૂં શું થશે ?! જો, આમ મારી સામે જો...''

આવું થતાં પરાણે પણ મહેશે શરમાતા શરમાતા તેની ગરદન ધીમે ધીમે ઊંચી કરી પછી શાંતુના ચહેરા પર તેણે તેની પાતળી નજર પાથરી. એ સાથે, એ સમયે જ શાંતુ ચાનો કપ દેવા માટે સહેજ વાંકી વળી... ને ચાનો કપ મહેશના હાથમાં પકડાવી દીધો. કપ પકડતા સમયે શાંતુની કોમળ આંગળીઓ સાથે મહેશની આંગળીઓનો સ્પર્શ થઇ ગયો. આ સ્પર્શ થતાંની સાથે વળી મહેશ ક્ષણેક ધ્રુજી ઊઠ્યો ને પછી ગરમ ગરમ ચાનો કપ મહેશે તેના હોઠે લગાવ્યો.

સાવ નજીક અને તદ્દન સામે થોડી વાંકી વળેલી શાંતુને મહેશ કયાંય સુધી જોતો રહ્યો. તેની નજર અત્યારે શાંતુએ પહેરેલાં ચપોચપ બ્લાઉઝ પર સ્થિર થઇ હતી. એ બ્લાઉઝમાં બે પારેવા જાણે ફડફડાટ કરતાં દેખાયા. ફાટફાટ થતી તેની જુવાની બ્લાઉઝમાંથી બહાર નીકળવા જાણે વ્યર્થ કોશિશ કરતી હતી. અને બન્ને સ્તન વચ્ચે જે ફાટ પડતી હતી, જેને ક્લિવેજ કહે છે, તેની ઊંડાઇ તો મહેશની આંખોમાં ઊંડી ઊંડી ઊતરી ગઇ અને એ ફાટના દેખાવે તો બાપ રે... મહેશના શ્વાસ ખૂબ જ વધારી દીધા. ખરે જ મહેશની છાતી ભીંસાવા લાગી. એ સાથે જ તેણે ચાની મીઠીમધ જેવી ચૂસકી ભરી લીધી. ત્યાં તો એક ડચકું તેને આવ્યું ને ઉધરસ ઊપડી. એ સાથે તેની આંખોમાં પાણી ભરાયું. એટલે પછી પાણીનાં પાતળા આવરણને લીધે શાંતુના શરીરનું જે રૂપ દેખાતું હતું તે મનગમતું દ્રશ્ય સાવ ધૂંધળું ધૂંધળું થઇ ગયું.

ચા... તો તેના ગળે માંડ માંડ ઊતરી. છતાં પણ આજની અત્યારની ચા...નો સ્વાદ મહેશને ખૂબ જ સ્વાદિષ્ટ અને મીઠો લાગ્યો. ચાના સ્વાદ કરતાં પણ શાંતુની નજરનો અને તેની કાયાનો સ્વાદ પણ નજરે ભરીને પીધેલો અનુભવ્યો હતો. એ ખુશ હતો, ખૂબ ખૂબ ખુશ ત્યારે.... શાંતુની નજરમાં તો આખેઆખા મહેશનો સ્વાદ ચાખવાની જાણે તીવ્ર તાલાવેલી જાગી ઊઠી હતી. આવી નજરનો સ્વાદ શાંતુની મારકણી નજરમાં કેદ થઇ ગયો હતો. મહેશની કુમળી અને કુણા માખણ જેવી ગમતીલી કાયા શાંતુના દિલમાં જાણે કે વસી ગઇ હતી.

આમ તો સારી સારી છોકરીઓ કોલેજ કાળ દરમ્યાન મહેશે સાવ નજીકથી જોયેલી. આવી છોકરીઓ સાથે અનેક નાની-મોટી રમતો પણ રમેલી હતી અને સજોડે ગીત પણ ગાયેલા. અનેક પ્રકારના અભિનય પણ કરેલા પરંતુ આ શાંતુ તો પ્રકૃતિએ કંઈક અલગ પ્રકારે ઘડેલી જીવંત મૂર્તિ હતી. એના એક એક ભાવનું વર્ણન કરવા બેસીએ તો મસમોટી વાર્તા બની જાય આવું અપ્રતિમ ઐશ્વર્ય હતું શાંતુના દેહમાં !

સપના ખીલે છે, હા...ફૂલની જેમ સ્વપ્નો પણ ખીલે છે. પછી એ ખીલેલા ફૂલોને ખૂબ માવજતથી સાચવવા પડે છે. ત્યારે... શાંતુ તો હવે મહેશનું એક ખીલેલું ફૂલ માત્ર સ્વપ્ન બની ગઇ હતી. તો પણ.... આ જાણવા છતાં શાંતુની બેહદ રીતે ખીલેલી નમણી દેહકલી જોઇને મહેશને હવે તો આપોઆપ અદ્ભુત આનંદ પ્રકટ થતો હતો.

દામલની જેમ જ મહેશને પણ સાહિત્યનો ખૂબ જ શોખ, રસાળ સાહિત્યનો રસિયો હતો. તેને વાંચવું અને લખવું અતિ પ્રિયકર...! પંચાયત સંચાલિત લાયબ્રેરીમાં ઘણીવાર તો તે કલાકો સુધી બેસી રહેતો. પુસ્તકો વાંચતો, ખૂબ ગમતી ગઝલોના પસંદ કરેલા શેરને તે તેની અંગત ડાયરીમાં ટપકાવી પણ લેતો. વધુ વાત કરીએ તો... હવે રોમાન્સ અને પ્રેમની શાયરીઓ તેને ખૂબ ખૂબ ગમવા લાગી હતી.

માનવ માત્ર પોતાના મનમાં જે કંઇ સંકલ્પ કરે છે તે પૂર્ણપર્ણ કયારેય સિધ્ધ થતો નથી. જુઓને, દામલે પણ જ્યોતિ સાવલિયા સાથે જીવનભર સંગાથે રહેવાનો દ્રઢ સંકલ્પ કરેલો જ હતો. પરંતુ તેનો એ સંકલ્પ માત્ર તેનું સપનું બની ગયું. જ્યોતિ બધુ છોડીને ચાલી ગઇ. ને પછી જીવનસાથી બની ગઇ શાંતુ... કેવું થયું...? આને જ જિંદગી કહેવાય છે. (ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# પ.બંગાળને હવે જંગલ રાજમાંથી મુક્ત કરાવવાનો સમય આવી ગયો છે : પીએમ મોદી

કોલકતા,તા.૨૦



વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે પશ્ચિમ બંગાળના તાહેરપુર હેલિપેડ પર ઉતરવાના પ્રયાસમાં નિષ્ફળ ગયા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, વિસ્તારમાં ગાઢ ધુમ્મસને કારણે દૃશ્યતા ઓછી થઈ ગઈ હતી, જેના કારણે પીએમના હેલિકોપ્ટરે થોડા સમય માટે હેલિપેડ પર ફર્યા બાદ કોલકાતા એરપોર્ટ પર પાછું ફરવું પડ્યું. તેમણે એરપોર્ટ પરથી પોતાનું વર્ચ્યુઅલ સંબોધન કર્યું. ખરાબ હવામાનને કારણે રેલી સ્થળ પર ન પહોંચી શકવા બદલ તેમણે લોકોની માફી પણ માંગી. પીએમ મોદીએ સભાને આપેલા વર્ચ્યુઅલ સંબોધનમાં મહાન સાહિત્યકાર બંકિમચંદ્ર ચેટરજીને શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે વંદે માતરમ બ્રિટિશ શાસન સામેના સંઘર્ષનો મંત્ર હતો. પીએમ મોદીએ કહ્યું કે વંદે માતરમને રાષ્ટ્રનિર્માણનો મંત્ર બનાવવો જોઈએ. વડાપ્રધાને કહ્યું કે કેન્દ્ર સરકાર દેશના નાગરિકો સાથે ખભા મિલાવીને ઉભી છે. તેમણે કહ્યું કે જીએસટીએ સમગ્ર દેશ સહિત બંગાળના લોકોને મોટી રાહત આપી છે અને દુર્ગા પૂજા અને અન્ય તહેવારો દરમિયાન દેશભરના લોકોને તેનો ઘણો ફાયદો થયો છે. વડાપ્રધાન મોદીએ આરોપ લગાવ્યો કે બંગાળમાં ઘૂસણખોરોને ટીએમસી દ્વારા રક્ષણ આપવામાં આવે છે. પીએમએ કહ્યું કે ગંગા બિહારમાંથી બંગાળ તરફ વહે છે અને બિહારે બંગાળને રસ્તો બતાવ્યો છે. તેમણે કહ્યું કે બંગાળને જંગલ રાજમાંથી મુક્ત કરાવવું જોઈએ.

# રાજસ્થાનીઓને હવે એમપી અને યુપીમાં મફત તબીબી સારવાર મળશે : મુખ્યમંત્રી ભજન લાલ શર્મા

જયપુર,તા.૨૦



રાજસ્થાન આયુષ્માન આરોગ્ય યોજના હેઠળ રાજ્યની બહાર તબીબી સેવાઓ પ્રદાન કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. તાજેતરમાં, રાજસ્થાનના લોકોને ગુજરાતમાં મફત સારવાર મળવા લાગી. હવે, મુખ્યમંત્રી ભજન લાલે એક મોટી જાહેરાત કરી છે. તેમણે મુખ્યમંત્રી આયુષ્માન આરોગ્ય યોજના હેઠળ ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં રાજસ્થાનના લોકો માટે મફત સારવાર શરૂ કરવાની પણ જાહેરાત કરી. તેમણે આયુષ્માન આરોગ્ય યોજનામાં આઉટબાઉન્ડ પોર્ટેબિલિટી સિસ્ટમને રાજ્યના લોકો માટે ફાયદાકારક ગણાવી. આગામી દિવસોમાં આ સુવિધા લાગુ થયા પછી, રાજ્યના લાખો લોકો પડોશી રાજ્યોમાં પણ મફત તબીબી સંભાળ મેળવી શકશે.

તાજેતરમાં, મુખ્યમંત્રી ભજન લાલ શર્માએ "આઉટબાઉન્ડ પોર્ટેબિલિટી" લાગુ કરી અને મુખ્યમંત્રી આરોગ્ય યોજના હેઠળ ગુજરાતમાં કેશલેસ સારવાર પૂરી પાડી. રાજસ્થાનના લોકોએ પણ ૧૫ ડિસેમ્બરથી ગુજરાતની ખાનગી હોસ્પિટલોમાં કેશલેસ સારવાર મેળવવાનું શરૂ કર્યું. આનાથી ડુંગરપુર, બાંસવાડા, જાલોર, સિરોહી, પાલી અને બાડમેર સહિત અનેક સરહદી જિલ્લાઓના લોકોને આરોગ્ય લાભ થયો છે. આ સુવિધા લાગુ થવાથી કેન્સર, કિડની અને હૃદય જેવી ગંભીર બીમારીઓથી પીડાતા દર્દીઓને નોંધપાત્ર ફાયદો થશે.

# યુક્રેનના ઓડેસા બંદર પર રશિયાનો મોટો હુમલો : ૮ લોકોના થયા મોત

કિવ,તા.૨૦

રશિયાએ દક્ષિણ યુક્રેનિયન શહેર ઓડેસામાં બંદર માળખા પર મોટો હુમલો કર્યો છે. આ મિસાઈલ હુમલામાં આઠ લોકો માર્યા ગયા અને ૨૭ ઘાયલ થયા. યુક્રેનની કટોકટી સેવાએ શનિવારે સવારે આ ભયાનક હુમલાની જાણ કરી. સેવાએ ટેલિગ્રામ પોસ્ટમાં જણાવ્યું હતું કે બસમાં સવાર કેટલાક મુસાફરો પણ ઘાયલ થયા છે. રાત્રે બંદર પર થયેલા હુમલાનું કેન્દ્ર બસ હતી. પાર્કિંગમાં પાર્ક કરેલા એક ટ્રકમાં પણ આગ લાગી હતી અને ઘણી કારને પણ નુકસાન થયું હતું. ઓડેસા પ્રદેશના વડા ઓલેહ કિપરે જણાવ્યું હતું કે ઓડેસા બંદર પર બેલિસ્ટિક મિસાઈલોથી હુમલો કરવામાં આવ્યો હતો. જવાબમાં, યુક્રેનિયન દળોએ ડ્રોનથી રશિયન યુદ્ધ જહાજ અને અન્ય સુવિધાઓને નિશાન બનાવી હતી. યુક્રેનના જનરલ સ્ટાફે શનિવારે એક નિવેદનમાં રશિયન હુમલા અને વળતો હુમલો કરવાની પુષ્ટિ કરી હતી.

# ગુજરાતમાં દૂધ લેવા બહાર જવું પડે છે, પણ દારૂ ઘર બેઠા મળે છે : ઈસુદાન ગઢવીના ભાજપ પર પ્રહાર

વલસાડ,તા.૨૦



ગુજરાતમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈશુદાન ગઢવી વલસાડ જિલ્લાની મુલાકાતે આવ્યા હતા. આ દરમિયાન તેમણે ધરમપુર, કપરાડા અને વાપી વિસ્તારોમાં પાર્ટી કાર્યકર્તાઓ, સંગઠનના કર્મચારીઓ તથા હોદ્દેદારો સાથે બેઠકો યોજી હતી. આ બેઠકોમાં આગામી વાપી મહાનગરપાલિકા ચૂંટણી તેમજ તાલુકા પંચાયત ચૂંટણીની પૂર્વ તૈયારીઓ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં વલસાડ જિલ્લા પ્રમુખ સહિત અનેક ઉચ્ચ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આપની આ તૈયારીઓથી ગુજરાતના રાજકારણમાં નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે ઈસુદાન ગઢવીએ કાર્યકર્તાઓને એકજૂટ થઈને જિલ્લામાં કામગીરી કરવા તેમજ લોકોની પ્રાથમિક સમસ્યાઓના નિવારણ માટે પ્રયાસ કરવાની સૂચના આપી હતી. તેમણે જણાવ્યું કે, સમગ્ર ગુજરાતમાં આગામી ચૂંટણીઓમાં પાર્ટી લગભગ ૧૨,૦૦૦ જેટલા ઉમેદવારો ઉતારશે. ઉમેદવારોની પસંદગી માટે ટૂંક સમયમાં વિશેષ સમિતિનું ગઠન કરવામાં આવશે, જે વિવિધ પાસાઓની તપાસ કરીને ટિકિટ વિતરણ કરશે. મીડિયા સાથે વાતચીતમાં ઈસુદાન ગઢવીએ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા કહ્યું કે ગુજરાતમાં દૂધ લેવા બહાર જવું પડે છે, પણ દારૂ ઘર બેઠા મળે છે.

# અમદાવાદના પાલડી વિસ્તારમાં ટ્રાફિક પોલીસની દાદાગીરી : મહિલાને લાફો ઝીંકી દીધાનો વીડિયો વાયરલ

અમદાવાદ,તા.૨૦

અમદાવાદના પાલડી વિસ્તારમાં ટ્રાફિક પોલીસ અને મહિલા વચ્ચે બબાલ થઈ હોવાનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. ટ્રાફિક પોલીસકર્મીએ મહિલાને લાફો ઝીંકી દેતા સમગ્ર ઘટનાના વીડિયોએ ખૂબ જ ઝડપી વેગ પકડ્યો છે. મળતી માહિતી અનુસાર પાલડી વિસ્તારમાં રોંગસાઈડમાંથી આવતી મહિલા ચાલકે ટ્રાફિક પોલીસ સાથે બબાલ કરી ગાળો આપી હોવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. ટ્રાફિક પોલીસકર્મીએ મહિલા વિરુદ્ધ પાલડી સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી અનુસાર ટ્રાફિક પોલીસકર્મીની ફરિયાદ બાદ મહિલાએ પણ અરજી કરી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. જો કે પાલડી પોલીસે મારામારી કેમ થઈ હતી તે અંગે તપાસ હાથ ધરી હતી. પોલીસકર્મી દ્વારા મહિલાને લાફો ઝીંકી દેતા અનેક સવાલો પણ ઉભા થયા છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદના પાલડી વિસ્તારમાં ટ્રાફિક પોલીસકર્મીએ મહિલાને લાફો મારતો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે.

# પીએમ મોદીએ આસામના ગુવાહાટીમાં આંતરરાષ્ટ્રીય વિમાનમથકના નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્‌ઘાટન કર્યું

ગુવાહાટી,તા.૨૦



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે આસામની રાજધાની ગુવાહાટીમાં લોકપ્રિયા ગોપીનાથ બોરદોલોઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથકના નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્‌ઘાટન કર્યું. આ દરમિયાન, પીએમ મોદીએ ગુવાહાટીમાં એક કાર્યક્રમને પણ સંબોધિત કર્યો, જ્યાં તેમણે કહ્યું કે આજનો દિવસ વિકાસનો ઉત્સવ છે. આ ફક્ત આસામ માટે જ નહીં, પરંતુ સમગ્ર પૂર્વોત્તર ભારત માટે છે. પીએમ મોદીએ ઉપસ્થિત દરેકને તેમના ફોનની ફ્લેશલાઈટ ચાલુ કરવાની અપીલ કરી. તેમણે કહ્યું કે આજે આખો દેશ જોઈ રહ્યો છે કે આસામ વિકાસનો ઉત્સવ ઉજવી રહ્યું છે. તેમણે સમજાવ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં, પૂર્વોત્તર રાજ્યોમાં માળખાગત સુવિધાઓ, કનેક્ટિવિટી અને સુવિધાઓના ક્ષેત્રોમાં ઝડપી પ્રગતિ થઈ છે. પીએમ મોદીએ કહ્યું કે કેન્દ્ર સરકાર ઉત્તરપૂર્વને દેશના વિકાસના મુખ્ય પ્રવાહમાં જોડવા માટે સતત પ્રયાસો કરી રહી છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આગામી સમયમાં, આસામ અને સમગ્ર પૂર્વોત્તર ક્ષેત્ર વિકાસની નવી ઊંચાઈઓ પર પહોંચશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વધુમાં કહ્યું કે જ્યારે કોઈ રાજ્યમાં આધુનિક અને વિશ્વસ્તરીય એરપોર્ટ બનાવવામાં આવે છે, ત્યારે તે રાજ્ય માટે નવી શક્યતાઓ અને તકો ખોલે છે.

# બાંગ્લાદેશની યુનુસ સરકારે હિન્દુ યુવક દીપુ ચંદ્ર દાસની હત્યા કેસમાં સાત લોકોની ધરપકડ કરી


ઢાકા,તા.૨૦



બાંગ્લાદેશના મૈમનસિંહ જિલ્લામાં એક ચોકડી પર ફાંસી આપીને સળગાવી દેવામાં આવેલા હિન્દુ યુવક દીપુ ચંદ્ર દાસની હત્યા કેસમાં સાત લોકોની ધરપકડ કરવામાં આવી છે. બાંગ્લાદેશ સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસે શનિવારે આ માહિતી આપી. યુનુસ પ્રશાસને પીડિતની ઓળખ ૨૭ વર્ષીય સનાતન હિન્દુ દીપુ ચંદ્ર દાસ તરીકે કરી છે. એકસ પર એક પોસ્ટમાં, યુનુસે કહ્યું, "મૈમનસિંઘના બાલુકામાં સનાતન હિન્દુ યુવક દીપુ ચંદ્ર દાસ (૨૭) ની માર મારીને હત્યા કરવાના કેસમાં રેપિડ એક્શન બટાલિયનએ સાત લોકોને શંકાસ્પદ તરીકે ધરપકડ કરી છે." નિવેદન અનુસાર, ધરપકડ કરાયેલા લોકોમાં મોહમ્મદ લિમોન સરકાર (૧૯), મોહમ્મદ તારેક હુસૈન (૧૯), મોહમ્મદ માણિક મિયા (૨૦), ઈર્શાદ અલી (૩૯), નિજુમ ઉદ્દીન (૨૦), આલમગીર હુસૈન (૩૮) અને મોહમ્મદ મિરાજ હુસૈન અકોન (૪૬)નો સમાવેશ થાય છે. યુનુસે સમજાવ્યું કે આ ધરપકડો વિસ્તારમાં RAB એકમો દ્વારા સંકલિત કાર્યવાહી બાદ કરવામાં આવી હતી. તેમણે કહ્યું, "RAB-૧૪એ વિવિધ સ્થળોએ કાર્યવાહી હાથ ધરી હતી અને ઉપરોક્ત શંકાસ્પદોની ધરપકડ કરી હતી."

# ધોરાજીમાં રેન્જ આઈજીની ઉપસ્થિતિમાં પરેડ અને હોર્સ રાઈડિંગ સહિતના કાર્યક્રમ યોજાયા

ધોરાજી,તા.૨૦



ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશનના વાર્ષિક નિરીક્ષણ માટે રેન્જ આઈ.જી. અશોકકુમાર યાદવ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ધોરાજી સીટી, તાલુકા, ઉપલેટા, ભાયાવદર અને પાટણવાવ પોલીસ સ્ટેશનના અધિકારીઓની હાજરીમાં પરેડ અને હોર્સ રાઈડિંગ સહિતની ઈવેન્ટ યોજાઈ હતી. રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર અને એએસપી સિમરન ભારદ્વાજ સાથે આઈ.જી. યાદવે પોલીસનું નિરીક્ષણ કર્યું હતું. શ્રેષ્ઠ કામગીરી કરનાર ૨૦ પોલીસ કર્મચારીઓને સન્માન પત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આઈ.જી. યાદવે લોકોને ચેતવણી આપી હતી કે, કોઈની પણ વાતમાં આવીને બેન્ક એકાઉન્ટ ભાડે ન આપે; આ બાબતે પોલીસ ખાનગીમાં તપાસ કરી રહી છે અને કડક કાર્યવાહી કરવામાં આવશે.

# કોડીનારના IPL શુગર યુનિટ ખાતે 'વન હેલ્થ મેડિકલ કેમ્પ' યોજાયો

કોડીનાર, તા. ૨૦



તસવીર : ધર્મેશ પાઠક

ઈન્ડિયન પોટાશ લિમિટેડ (IPL) ફાઉન્ડેશનની CSR પહેલ હેઠળ ૧૬ ડિસેમ્બરના રોજ કોડીનાર શુગર યુનિટ ખાતે એક ભવ્ય "વન હેલ્થ મેડિકલ કેમ્પ"નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. નવી દિલ્હીની રાઈઝ ફાઉન્ડેશન દ્વારા અમલીકૃત આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય માનવ, પ્રાણી અને ખેતીની માટીના સ્વાસ્થ્યને એકીકૃત કરી ગ્રામીણ વિકાસને વેગ આપવાનો હતો. કાર્યક્રમનું ઉદ્‌ઘાટન IPL યુનિટ હેડ યશ સોલંકી, બિલેશ્વર ખાંડ ઉદ્યોગના ચેરમેન પી. એસ. ડોડિયા અને એમ.ડી. રાજનભાઈ વંશ સહિતના મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું. કેમ્પમાં ગ્રામજનો માટે બ્લડ પ્રેશર, શુગર તપાસ અને નિઃશુલ્ક દવાઓ સાથે સેનિટરી પેડ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. KVK અને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને શેરડીની સુધારેલી જાતો અને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓનું માર્ગદર્શન અપાયું હતું. જ્યારે દેવલી ગામ ખાતે પશુ આરોગ્ય કેમ્પ યોજી પશુઓની તપાસ અને સારવાર કરવામાં આવી હતી.

**કેમ્પમાં ગ્રામજનો માટે બ્લડ પ્રેશર, શુગર તપાસ અને નિઃશુલ્ક દવાઓ સાથે સેનિટરી પેડ્સનું વિતરણ**






# કોડીનારના કડવાસણ અને બરડા ગ્રામ પંચાયતને કચરા વ્યવસ્થાપન માટે મિની ટ્રેક્ટર-ટ્રોલી અર્પણ

કોડીનાર, તા. ૨૦




કોડીનાર તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છતા સુવિધા વધુ સુદ્રઢ બને તે હેતુથી તાલુકા પંચાયત કોડીનાર દ્વારા મહત્વપૂર્ણ કામગીરી કરવામાં આવી છે. તાલુકા પંચાયતની ૨૦% તાલુકા કક્ષાની ગ્રાન્ટમાંથી આજે કડવાસણ અને બરડા ગ્રામ પંચાયતને કચરા વ્યવસ્થાપન માટે 'મિની ટ્રેક્ટર-ટ્રોલી' ફાળવવામાં આવ્યા હતા. આ પ્રોજેક્ટ પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી, કેબિનેટ મંત્રી ડો. પ્રદ્યુમનભાઈ વાંઝા, નગરપાલિકાના ઉપ પ્રમુખ શિવાભાઈ સોલંકી, તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ પરમાર તેમજ પૂર્વ તા.પં. પ્રમુખ પ્રતાપભાઈ ડોડીયાના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કરવામાં આવ્યો હતો. આ મિની ટ્રેક્ટર અને ટ્રોલી મળવાથી હવે કડવાસણ અને બરડા ગામમાં કચરાના નિકાલની પ્રક્રિયા વધુ સરળ અને ઝડપી બનશે, જેનાથી ગામડાઓમાં સ્વચ્છતા જાળવવામાં મોટી મદદ મળશે.


## CHANGE OF NAME

I Undersigh I MUNJAPARA SHITALBEN PIYUSHBHAI have changed my name from MUNJPARA SHITAL PIYUSHBHAI To MUNJAPARA SHITALBEN PIYUSHBHAI Now i will be known as MUNJAPARA SHITALBEN PIYUSHBHAI
Sigh : MUNJAPARA SHITALBEN PIYUSHBHAI
Address: BLOCK NO-28,SHIV RESIDANCY, PLOT 28,2 OPP KHARAVADI,AT-AMRELI-365601

## CHANGE OF NAME

I Undersigh I MUNJPARA PIYUSHBHAI RAMESHBHAI have changed my name from MUNJPARA PIYUSHKUMAR RAMESHCHANDRA TO MUNJPARA PIYUSHBHAI RAMESHBHAI Now i will be known as MUNJPARA PIYUSHBHAI RAMESHBHAI
Sigh: MUNJPARA PIYUSHBHAI RAMESHBHAI
Address: MADHUVAN, BLOCK NO-28, SHIV RESIDANCY, LILIYA ROAD, AT-AMRELI-365601

# રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓમાં ગ્રામ્યમાં ૫૫% અને શહેરી વિસ્તારમાં ૮૦% વિદ્યાર્થીઓની હાજરી ફરજિયાત

ગાંધીનગર,તા.૨૦

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે ગ્રાન્ટેડ શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી અંગે મોટો નિર્ણય લીધો છે. જે મુજબ હવે ગ્રાન્ટ અને લઘુમતી શાળા સહિત ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓમાં વિદ્યાર્થીઓની ઓછી હાજરી હશે તો ગ્રાન્ટ કાપી લેવાશે. ગ્રામ્યમાં ૫૫ ટકા તો શહેરી વિસ્તારમાં ૮૦ ટકા વિદ્યાર્થીઓની હાજરી શાળામાં ફરજિયાત કરી દેવામાં આવી છે.


તસવીર : પ્રતિકાત્મક

જો નવા ઠરાવ મુજબ હાજરી નહીં હોય તો સરકાર દ્વારા અપાતી ગ્રાન્ટમાં કાપ મૂકવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ગ્રામ્યમાં ૪૦ ટકાથી ઓછી અને શહેરમાં ૬૦ ટકાથી ઓછી હાજરી હશે તો શાળાની ૧૦૦ ટકા ગ્રાન્ટ કપાશે. શિક્ષણ વિભાગે ઠરાવ જાહેર કરતાં જણાવ્યું છે કે શાળાનું શૈક્ષણિક કાર્ય નિયમિત અને અસરકારક રીતે થાય તથા શિક્ષણનું સ્તર ઊંચું આવે તે હેતુથી હાજરી બાબતે શાળાના સંચાલકો અને શિક્ષકો સતત પ્રત્યનશીલ રહે તે કારણે ગ્રાન્ટ કાપનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગ્રાન્ટ અને લઘુમતી શાળા સહિત ગ્રાન્ટ ઈન એઈડ શાળા નવા ઠરાવ મુજબ જો ગ્રામ્યમાં ૪૦ ટકાથી ઓછી હાજરી હશે તો ૧૦૦ ટકા ગ્રાન્ટ કપાશે તેમજ શહેરોમાં ૬૦ ટકાથી ઓછી હાજરીમાં ૧૦૦ ટકા ગ્રાન્ટ કાપી નાખવામાં આવશે.

# ચોટીલા પ્રાંત અધિકારીએ ગેરકાયદેસર હેરફેર થતા લાકડા ભરેલા ૧૫ ટ્રક સાથે રૂ. બે કરોડથી વધુનો મુદ્દામાલ ઝડપ્યો

સુરેન્દ્રનગર,તા.૨૦

ચોટીલા સબ ડિવિઝનમાં નાયબ કલેક્ટર ચોટીલા એચ.ટી. મકવાણાના સીધા માર્ગદર્શન હેઠળ ચોટીલા–રાજકોટ નેશનલ હાઈવે ઉપર રાત્રીના ૧૨ કલાકથી સવારના ૪ કલાક સુધી વિશેષ ચકાસણી હાથ ધરવામાં આવી હતી. આ ચેકીંગ દરમિયાન કોઈપણ પ્રકારની પરવાનગી લીધા વગર, પાસ વિના, અને લાકડા કાપવાની મંજૂરી વિના, લીલા લાકડાની ગેરકાયદેસર હેરફેર



કરવામાં આવી રહી હોવાનો મોટો ખુલાસો થયો હતો.

તંત્રએ તાત્કાલિક કાર્યવાહી કરી કુલ ૧૫ આઈસર અને ટ્રક વાહનો જપ્ત કર્યા, જેમાં અલગ–અલગ જિલ્લાઓમાંથી લાવવામાં આવતું લાકડું ભરેલું હતું. જપ્ત કરાયેલા તમામ વાહનો સામે સૌરાષ્ટ્ર વૃક્ષ છેદન ધારો – ૧૯૫૧ હેઠળ નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જપ્ત કરાયેલા આ ૧૫ વાહનો સાથે મળીને રૂ. ૨ કરોડ ૪૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે, જેને હાલ મામલતદાર કચેરી, ચોટીલા ખાતે ખસેડવામાં આવ્યો છે. આ કાર્યવાહી દરમિયાન વાહન માલિકો તેમજ વાહન ચાલકો વિવિધ જિલ્લાઓ — મોરબી, પોરબંદર, ગોંડલ, કઠલાલ, હળવદ, ખેડા, દાહોદ તેમજ અન્ય રાજ્યોમાંથી હોવાનું બહાર આવ્યું છે.

# રાજ્યમાં ફરજ બજાવતા ૬૮ પીઆઈને ડીવાયએસપી તરીકે બઢતી

## સાત હથિયારી અને બિન-હથિયારી ડીવાયએસપીની બદલી

ગાંધીનગર,તા.૨૦

ગુજરાત પોલીસમાં અલગ-અલગ જિલ્લામાં ફરજ બજાવતા ૬૮ પોલીસ ઈન્સ્પેક્ટર(PI)ની બઢતી કરવામાં આવી છે. જ્યારે ૭ DySPની બદલી કરવામાં આવી છે. રાજ્યના ગૃહ વિભાગ દ્વારા હથિયારી-બિન હથિયારી અને વાયરલેસ PIની DySP તરીકે બઢતી અને બદલીના હુકમ કર્યા છે. ગૃહ વિભાગના પરિપત્ર મુજબ, રાજ્યમાં અમદાવાદ, ગાંધીનગર, ખેડા, વડોદરા સહિતના અલગ-અલગ જિલ્લામાં ૪૭ બિન-હથિયારી, ૯ હથિયારી અને ૧૨ વાયરલેસ PIને બઢતી આપવામાં આવી છે. જ્યારે ૭ હથિયારી અને બિન-હથિયારી DySPની બદલીના હુકમ કરવામાં આવ્યા છે. ૬૮ પીઆઈને ડીવાયએસપી તરીકે બઢતી મળતા પોલીસ બેડામાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી.

# ઉત્તર ભારતમાં ભારે ધુમ્મસને કારણે અમદાવાદ એરપોર્ટ પરથી ૧૫ ફ્લાઈટ રદ્દ કરવામાં આવી

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૨૦


શિયાળુ હવામાનના કારણે શહેરમાં ગાઢ ધુમ્મસ છવાતા અમદાવાદ એરપોર્ટની ફ્લાઈટ કામગીરી પર ભારે અસર પડી છે. ઉત્તર ભારત, ખાસ કરીને દિલ્હીમાં ધુમ્મસની સ્થિતિને કારણે આજે અમદાવાદ એરપોર્ટ પરથી ૧૫ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે, જ્યારે ૨૪ ફ્લાઈટ્સ મોડેથી ચાલી રહી છે.



સવારથી જ ધુમ્મસના કારણે એરપોર્ટ પર વિઝિબિલિટી ખૂબ ઘટી ગઈ હતી. તેની સીધી અસર અરાઈવલ અને ડિપાર્ચર બંને ફ્લાઈટ્સ પર પડી છે. એર ઈન્ડિયા, ઈન્ડિગો અને સ્પાઈસજેટ સહિતની અનેક એરલાઈન્સની ફ્લાઈટ્સ કેન્સલ અને ડિલે થતાં મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. એરપોર્ટ પર અફરાતફરીનું વાતાવરણ સર્જાયું છે. અરાઈવલ ફ્લાઈટ્સમાં સ્ટાર એરની ઈન્દોરથી આવતી ફ્લાઈટ, ઈન્ડિગોની ગાઝિયાબાદથી આવતી ફ્લાઈટ, સ્પાઈસજેટની કોલકાતા અને વારાણસીથી આવતી ફ્લાઈટ તેમજ એર ઈન્ડિયાની મુંબઈ અને દિલ્હીથી આવતી બે ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે.

# ભરૂચના જંબુસર નજીક વહેલી સવારે ભૂકંપના હળવા આંચકા

ભરૂચ,તા.૨૦



ભરૂચ જિલ્લો વહેલી સવારે ભૂકંપના હળવા આંચકાથી ધ્રુજ્યો હતો. આજે સવારે અંદાજે ૪.૫૬ કલાકે ભરૂચ સહિત આસપાસના વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં થોડા સમય માટે ભયનો માહોલ સર્જાયો હતો. ઊંઘમાં રહેલા અનેક નાગરિકો અચાનક ધ્રુજારી અનુભવતા જાગી ગયા હતા, જ્યારે કેટલાક લોકોએ ઘરનાં પંખા, દરવાજા અને હલકી વસ્તુઓ હલતી હોવાની લાગણી અનુભવી હતી. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૨.૮ માપવામાં આવી છે.




# શિવકથાકાર રાજુ બાપુની ચુંગાલમાં ફસાયેલ યુવતીના કેસમાં કોર્ટે પોલીસ તપાસનો આદેશ આપ્યો

અમદાવાદ,તા.૨૦

જાણીતા શિવકથાકાર રાજેશ કાશીગીરી ગોસ્વામી ઉર્ફે રાજુ બાપુની ચુંગાલમાં ફસાયેલી ૨૮ વર્ષીય યુવતીને લઈને ચર્ચામાં આવેલા સંવેદનશીલ કેસમાં મહત્વનો આદેશ આપ્યો છે. કોર્ટે વડોદરા પોલીસ કમિશનરના સીધા નિરીક્ષણ હેઠળ કેસની તપાસ કરવાના આદેશ જારી કર્યા છે. આ કેસમાં એક તરફ યુવતીના પરિવારજનો તેને બચાવવા મથી રહ્યા છે, તો બીજી તરફ રાજુ બાપુની શિષ્યા હિતિષાદીદી ગોસ્વામીએ હેબિયસ કોર્પસ રિટ અરજી કરીને યુવતીને પરિવારના “બંધન”માંથી મુક્ત કરાવવાની માંગ કરી છે. આ અત્યંત સંવેદનશીલ કેસમાં ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ એન. એસ. સંજય ગૌડા અને જસ્ટિસ ડી.એમ. વ્યાસની ખંડપીઠે બંને પક્ષના આક્ષેપોની વિગતવાર તપાસ કરવાના આદેશ આપ્યા છે. કોર્ટે વડોદરા પોલીસને નિર્દેશ આપ્યો છે કે તેઓ સમગ્ર કેસની સર્વગ્રાહી તપાસ કરીને સત્ય શું છે તે જાણી, ચાર સપ્તાહમાં વિગતવાર અહેવાલ અદાલત સમક્ષ રજૂ કરે. કેસની આગામી સુનાવણી ૧૯મી જાન્યુઆરીએ રાખવામાં આવી છે.




# રાજકોટની સ્કૂલના વિદ્યાર્થીનું સાસણ રિસોર્ટના સ્વિમિંગ પુલમાં ડૂબી જતા મોત

રાજકોટ,તા.૨૦

રાજકોટની નવયુગ સ્કૂલ દ્વારા આયોજિત શૈક્ષણિક પ્રવાસ દરમિયાન એક હૃદયદ્રાવક ઘટના બની છે. સાસણ નજીક આવેલા 'ધ ગીર ગેટ વે રિસોર્ટ'માં સ્વિમિંગ પુલમાં નહાવા ગયેલા ધોરણ-૮ના ૧૩ વર્ષીય વિદ્યાર્થી હાર્દિક બારૈયાનું ડૂબી જવાથી મોત થયું છે. આ ઘટનાએ હસતા-રમતા બાળકોના પ્રવાસને પળભરમાં શોકમાં ફેરવી દીધો હતો.

